

# અધ્યાત્મ

વર્ષ-૪ અંક-૨ નવેમ્બર-૧૯૮૨

## નવા આજીવન સભ્યો

અધ્યાત્મના આજીવન સભ્યોની સંખ્યા સદ્‌ગુરૂકૃપાને પરિણામે ઉત્તરોત્તર વધતી જાય છે, જે વાંચકોનો સદ્‌ભાવ જ વ્યક્ત કરે છે. નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે.

૨૬૨ શ્રી ભીમજી માધવજી, ચંડીભમર મોરબી રૂા. ૨૫૧
૨૬૩ શ્રી હસમુખભાઇ ડાહ્યાભાઇ ભક્ત, કપુરા રૂા. ૨૫૧
૨૬૪ શ્રી ઇશ્વરભાઇ રામભાઈ પટેલ, કપુરા. રૂા ૨૫૧
૨૬૫ શ્રી ઠાકોરભાઈ મથુરભાઇ ભક્ત, કપુરા. રૂા. ૨૫૧
૨૬૬ ગં-સ્વ. કનકબેન ચંપકલાલ વોરા, રાજકોટ રૂા. ૨૫૧
૨૬૭ શ્રી લખધીરજી લાયબ્રેરી, મોરબી રૂા. ૨૫૧
(પૂ. શ્રી. યોગેશ્વરજી તરફથી)
૨૬૮ શ્રી. યોગેશ્વર મશીનરી સેલ્સ એન સરવીસીઝ
વડોદરા. રૂા. ૨૫૧
૨૬૯ શ્રી કેશવભાઇ છીંબાભાઈ મિસ્ત્રી, જમણિયા
(શ્રીગણુપતભાઇ મિસ્ત્રી. તરફથી) રૂા. ૨૫૧
૨૭૦ શ્રી રમણુલાલ માણેકલાલ શાહ, વડોદરા રૂા. ૨૫૧

## પરદેશના આજીવન સભ્યો

અધ્યાત્મ પ્રેમીઓ પરદેશમાં પણ વસે છે. એવા એક પ્રેમી તરફથી આજીવન સભ્ય પદની રકમ મળી છે.

૨૮ શ્રી વસંત પી. ભક્ત, પનામા રૂા. ૧૫૦૧



પૂ. શ્રી યોગેશ્વરજી તથા મા શ્રી સર્વેશ્વરી

## સાહેલી મેં દીઠી

સાહેલી મેં દીઠી રે સંતસ્વરૂપમાં
જીવનવાટ ત્રિતાપથી ભરેલી
પ્રભુની પરખ ત્યાં દીઠી. સાહેલી
પ્રભુની પરબ પર સંત સાહેલડી
મધથી મીઠી એવી દીઠી. સાહેલી.
પૂર્વજન્મની પ્રીતડી જગાડી
પ્રીતથી પ્રસન્ન મને કીધી. સાહેલી
સંજીવની શિવસ્નેહની પવાડી
સમર્પિત થઇ જિન્દગાની. સાહેલી.
પાનખર પામેલા જીવનબાગની
માલણ બનીને આવી. સાહેલી.
પ્રભુપ્રેમનાં પદ્મ પુષ્પ પ્રગટાવી
ઋતુરાજ રૂપ ધરી આવી. સાહેલી.
વિવિધ વેશ ધરી વ્હાલ વરસાવતી
વિજોગણ બનીને આજ બેઠી. સાહેલી.
જીવન સખી બની બેઠી યોગેશ્વરી
ચૂડી ને મૂડી બની મારી. સાહેલી.

સર્વેશ્વરી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૪ અંક : ૨ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫–૦૦ વિદેશમાં રૂ. ૧૨૫–૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
સાંઇકૃપા, જવાહર ચોક, ગોપાલકુંજના નાકે
મણીનગર, અમદાવાદ–૮

**તંત્રી–સંપાદક :**
શ્રી નારાયણ દ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ મોતીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ દ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર–૩૬૪૦૦૧


### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
* પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કાંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

# ✻ અનુક્રમણિકા ✻


| | | |
|---|---|---|
| કથાકાર તથા સંત | ૩ | શ્રી યોગેશ્વરજી |
| પૂ. શ્રી સર્વેશ્વરી મા—શતાયુષીથી પણ અધિક હો. | ૫ | શ્રી નારાયણ હ. જાની |
| મહાત્માજીનો ૧૦૦મો ઉપવાસ—દિન | ૯ | શ્રી ભાઇલાલભાઈ છાટબાર |
| પારખું | ૧૫ | સાધુ પ્રીતમપ્રસાદદાસ |
| વિનય પત્રિકામાં સંત તુલસીદાસજીની ભક્તિ | ૨૦ | શશિકાન્ત કોન્ટ્રાકટર |
| સંસ્કારદૂત | ૨૫ | શ્રી યોગેશ્વર |
| જવાનું ચોક્કસ | ૩૩ | યોગેશ્વર |
| વિનતી | ૩૪ | મગનલાલ ગોહેલ |
| સર્વેશ્વરીની સ્તુતિ | ૩૫ | રંજના દેસાઈ |
| સંવાદ | ૩૬ | વિભૂતિ મ. દેસાઈ |
| પરમાર્થ પ્રાપ્તિ | ૪૧ | ઈશ્વરભાઈ એમ. શાહ |
| સ્થિરતા અથવા એકાગ્રતા | ૪૫ | શ્રી યોગેશ્વર |
| અંગત અનુભૂતિ : શ્રદ્ધા | ૪૭ | ભૂપતરાય મો. ઠાકર |
| કેવળ પદ્ધતિથી સત્ય મળતું નથી. | ૪૯ | મણિભાઈ ર. દવે |
| પ્રકાશના પંથે | ૫૩ | શ્રી દીપકભાઈ મહેતા |
| લોમ અનુલોમ | ૫૭ | શ્રી મણિભાઈ શાહ |
| રામકથા | ૬૦ | શ્રી યોગેશ્વર |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

વર્ષ : ૪ નવેમ્બર-૧૯૮૨ અંક : ૨


## કથાકાર તથા સંત

કોઇક જિજ્ઞાસુ સત્સંગપ્રેમી પુરુષે પ્રશ્ન પૂછ્યો છે. કથાકાર તથા સંતમાં કશો ભેદ ખરો ? બન્નેને એક જ કહેવાય કે એમની વચ્ચે કોઈ તફાવત છે ? તાજેતરમાં એક કથાકાર અહીં પધારેલા. તેમની કથા કરવાની પદ્ધતિ ખૂબ જ સારી હતી. અદ્ભુત અને અવર્ણનીય કહી શકાય તેવી. આબાલવૃદ્ધ સૌને ગમતી એમની કથાપદ્ધત્તિ. દેશકાળની સર્વસામાન્ય સીમાથી પર દેખાતી. થોડાક વખતમાં તો એમની સર્વત્ર સંત તરીકે સુપ્રસિદ્ધિ થવા લાગી. એટલે મને એ પ્રશ્ન ઉદ્ભવ્યો કે એક કથાકારને સંતની કક્ષામાં મૂકી શકાય ? છેલ્લા કેટલાય વખતથી એ પ્રશ્ન મારા મનમાં રોળાઇ રહેલો. આજે એને તમારી સમક્ષ સ્પષ્ટીકરણની અપેક્ષાએ ઉપસ્થિત કર્યો છે.

એ જિજ્ઞાસુ સત્સંગપ્રેમી, પુરુષનો પ્રશ્ન સારો છે. વિચારવા જેવો, સમજવા જેવો છે. એનો વિચાર આવકારદાયક થઈ પડશે.

કથાકાર સંત હોય પણ અને ના પણ હોય, એવી જ રીતે સંત હોય તે કથાકાર હોઈ શકે અને ના પણ હોઇ. બંનેમાં ભેદ હોય પણ અને ના પણ હોય. કથાકાર મુખ્યત્વે કથા કરે છે. રામાયણ, મહાભારત, ભાગવત, ભગવદ્ગીતા અથવા અન્ય કેટલાક વિષય પર કથા કરે છે. પોતાના વિચારોને રજુ કરે છે. પોતાની શક્તિની સીમામાં રહીને શ્રોતાઓને સમજાવે છે. એની વાગ્ધારા

અથવા વાક્પટુતા આપણને મુગ્ધ કરે, એનો ઉપદેશ, એની રજૂઆત એની બૌધિક પ્રતિભા આશ્ચર્યચકિત અથવા સ્તબ્ધ બનાવે છે. એનું પ્રયોજન ઠેરઠેર સદુપદેશ પ્રદાન કરવાનું. કથા કરવાનું, શાસ્ત્રજ્ઞાનનું અથવા ભક્તિનું વિસ્તરણ કરવાનું હોય છે. એના જીવનમાં કથાનો અર્ક, કથાનો સારસંદેશ ઉતર્યો હોય. એને જીવનમાં ઉતારવાના પ્રામાણિક પ્રયત્નો એ કરતો હોય અથવા ન પણ કરતો હોય. એના જીવનમાં સાત્વિકતા, શુદ્ધિ, સંયમ, પરમાત્માની પ્રાપ્તિ દેખાય પણ ખરી, ના પણ દેખાય.

પરંતુ સંતનું જીવન સાત્વિક, વ્યસનવિનાનું, દોષદુર્ગુણરહિત શુદ્ધ, સંયમી, સદ્‌વિચાર સંપન્ન, સત્કર્મ પરાયણ પરમાત્મમય હોય છે. પરમાત્મદર્શી હોય છે. કે પરમાત્મદર્શી બનવા પ્રયત્ન કરે છે. એને જીવનની વિશુદ્ધિની, પરમાત્માના સાક્ષાત્કારની અને સનાતન શાંતિની ઉપલબ્ધિ કે અનુભૂતિની લગની લાગી હોય છે. એ આદર્શ માનવ બનવાની ને પરમાત્માનો પ્યારો થવાની કોશિષ કરે છે. અન્યને એ માર્ગે દોરે છે; એને પ્રેરણા આપે છે. સહાય કરે છે. એ કથા કરે કે ન કરે, સદુપદેશ આપે કે ન આપે, બૌદ્ધિક પ્રતિભાથી સંપન્ન હોય કે ન હોય, પરંતુ નિરહંકાર, નિર્મમ, નિર્લેપ, નિઃસ્વાર્થ હોય છે. કેટલીકવાર આવશ્યકતાનુસાર વર્ષો સુધી મૌન રાખીને આત્મિક સાધનાત્મક અભ્યાસક્રમનું અવલંબન લેતો હોય છે. એકાંત સેવન કરતો હોય છે. સાધનારત દેખાય છે; સંત સંપૂર્ણ મુક્ત આદર્શ જીવનનો પ્રતિનિધિ છે. પુરસ્કર્તા કે પાર્ષદ. એને કથાના વિસ્તરણ કરતાં જીવનના વિસ્તારમાં વિશેષ રસ હોય છે.

કથાકાર અને સંતમાં એવો મૌલિક સૂક્ષ્મ ભેદ હોય છે. સંત કથાકાર કે સદુપદેશક હોય છે. અથવા કથાકાર સંત હોય કે બનવાની કોશિશ કરતો હોય તો કહેવું જ શું ? સોનામાં સુગંધ ભળે–ફૂલમાં ફોરમ ભળે, સરિતા સલિલવતી બને.



# પૂ. શ્રી સર્વેશ્વરી મા–શતાયુષીથી પણ અધિક હો.

નારાયણ હ. જાની

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના પાર્થિવ તનુના પ્રાદુર્ભાવનો મંગલ દિવસ છે-૧૩ નવેમ્બર. એ શુભદિન અધ્યાત્મ પરિવારના સહુ સાધક ભાઈ બહેનો માટે, મંગલ ઘડી સમાન છે, કારણ કે એ દિને આપણે સહુ એમના ભગવતી સ્વરૂપને પાર્થિવરૂપે પામવા સદ્‌ભાગી થયા છીએ. તેથી આપણે સહુ એમના પ્રત્યે આપણી શુભ લાગણીઓ,–ભાવનાઓ વહાવી એમને અભિનંદન આપીએ સાથોસાથ પરમશક્તિને પ્રાર્થીએ કે એમને એ ખૂબ સારૂં સ્વાસ્થ્ય ને અપ્રતિમ શક્તિ આપે, જેથી સંસારના અનેક ત્રિવિધ તાપથી તપેલા જીવો એમના સંસર્ગ સાન્નિધ્ય, સ્નેહ, સંસ્પર્શ ને સંકલ્પથી શાન્તિ પામે. વળી તેઓ દ્વારા પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીના માનવોને તેમના સાચા જીવન લક્ષ્યની સંસ્મૃતિ કરાવી, તેમને આત્માનુભૂતિના માર્ગે દોરવાના યુગ કાર્યને પણ સહાયક બને.

માનવજન્મ સૃષ્ટિમાં એક અનોખી શકવર્તી ઘટના છે,

---

( પૃષ્ઠ ૪નું અનુસંધાન )

કેવળ કથાકાર કરતાં સંત જીવનની ધન્યતાની વધારે સમીપ હોય છે. કોઈકવાર સ્વયં જીવનધન્યતા હોય છે. કથાકાર ના થવાય તો હરકત નહીં સૌએ સંત થવાની કોશિષ કરવી જોઈએ. સંત થવું જોઈએ.

શ્રી યોગેશ્વરજી

કારણ કે સંત તુલસીદાસજીએ કહ્યું છે તેમ "બડે ભાગ્ય માનુષ તન પાવા." એ તનથી જ ઈશ્વર પ્રત્યે જવા માટેની બારી ઉઘડે છે; ને સંસારના જન્મમરણના ફેરાઓમાંથી મુક્તિ મેળવાય છે. પૂ. યોગેશ્વરજીએ એક કાવ્યમાં સાચી રીતે આલેખ્યું છે કે માણસની ખરી ઉંમર કેટલી?

"કહો કે જ્યારથી જાગી ગયાં
જ્ઞાનની દુનિયાંમહીં, અભિનવ મળી
જિંદગી આ ત્યારથી, હા, ત્યારથી."

એ દૃષ્ટિએ પણ જોઈએ તો પ. પૂ. મા તો ઘણી નાની ઉમ્મરથીજ જાગી ગયેલાં. એટલેજ એમણે ભરયુવાનીમાંજ મનમાંથી બધી જ દુન્યવી આસક્તિ ને રાગ કાઢી નાંખી, મૌનમંદિરોના એકાંતમાં પલાંઠીવાળી આત્મખોજ આરંભી. એથીજ પ્રભુએ એમની ખરા દિલની પ્રાર્થનાઓના પ્રત્યુત્તર-રૂપે પૂ. શ્રીનો મેળાપ સુયોગ્ય સમયે કરાવી આપ્યો. આમ એમના જીવનની એક લક્ષ્યપ્રાપ્તિ તો થઈ. પરંતુ આટલેથી એમના જીવનની આત્મવિકાસની યાત્રા અટકી નથી. ઊલટું, પૂ. શ્રીનું સાન્નિધ્ય પામીને, એમણે ખૂબ ખૂબ ઉત્સાહપૂર્વક આત્મસાક્ષાત્કાર કે ઈષ્ટદર્શન માટેની પોતાની સાધના વધારી છે; ને તેઓશ્રીના માર્ગદર્શન નીચે આત્મોન્નતિના માર્ગે સારી એવી ઝડપી કૂચ કરી છે.

સામાન્ય રીતે, માણસ કેટલીકવાર પોતાના ધ્યેયની નજીક પહોંચતાં, આત્મસંતુષ્ટ બની જાય છે. પોતાના આખરી ધ્યેયને ભૂલી, વચગાળાની નાની નાની સિદ્ધિઓમાં અટવાઈ પડે છે. પરંતુ પૂ. શ્રી સર્વેશ્વરી મામાં આથી ઊલટું જણાય છે. એમણે કોઈ પ્રમાદ સેવ્યો નથી. નાની નાની



સિદ્ધિઓ પ્રત્યે એમનું લક્ષ્ય જ નથી. પરમની પ્રાપ્તિ કે ઈષ્ટદર્શનના ધ્યેયને એ સંપૂર્ણ વરેલાં છે.

એ માટે એમની સાધના અવિરત ચાલે છે. માંદગીના બીછાને પડ્યાં પડ્યાં પણ એમણે પોતાના જપ-તપ, કે ધ્યાન ધારણા છોડ્યાં નથી. ખૂબ ઉત્સાહ ને પ્રેમપૂર્વક તેઓ પોતાના સાધન ભજનમાં મંડ્યાં રહે છે. કદીક તો આપણને એમ લાગે કે "મા પોતાના દૂબળા પાતળા શરીરને વધારે કષ્ટ રહ્યાં છે. પરંતુ એમનું મનોબળ લોખંડી છે. નિર્ધારિત સાધના લક્ષ્યને પહોંચવા તેઓ હંમેશાં કૃતનિશ્ચયી દેખાય છે.

પ. પૂ.શ્રીનું સાન્નિધ્ય પ્રાપ્ત કર્યા પછી પ. પૂ. માના વ્યક્તિત્વનો ખૂબ વિકાસ થયો છે. એનું કારણ પ. પૂ. શ્રીની એક ઉત્તમ જીવનના ઘડવૈયાની કળા છે. પૂ. શ્રી. પોતાના રોજીંદા વ્યવહારમાં ખૂબ શિસ્તબધ્ધ રીતે કામ કરે છે, છતાં એમની સાથે રહેતાં માનું તેઓ એટલું જ ધ્યાન રાખે છે. પૂ. શ્રીનું જીવન એક આપ્તકામ મહાપુરુષના ઉત્તમ ઉદાહરણરૂપ છે. પ. પૂ. માનું જીવન પણ એવું જ ઉત્તમ કોટિનું બને એ રીતે એક કુશળ શિલ્પીની જેમ તેઓ તેમના વ્યક્તિત્વને ઘાટ આપી રહ્યા છે.

ત્યાગ અને સંયમ પૂ. માને સહજ છે. એટલે જ એમને કોઈપણ કિંમતી કે સુંદર વસ્તુ પ્રત્યે કદી મમત્વ થતું નથી. એ ગમે તેવી સાચી વસ્તુનો ત્યાગ કે દાન સહજ રીતે કરી દે છે.

ઈન્દ્રિયનિગ્રહ એમને સહજ છે. બાલ્યકાળથી જ પ્રભુએ એમને એવું પવિત્ર મન આપ્યું છે, જે શરીરની વાસનાઓ-થી મુક્ત છે. વળી એમની તિતિક્ષા પણ ઘણી ભારે છે. ભૂખ અને તરસ તેઓ ખૂબ સરળતાથી સહન કરી લે છે. એમની એ શક્તિ અજબ લાગે એવી છે. નહિ તો, પાણી સિવાયના

કેટલાય ઉપવાસો તેઓ શી રીતે કરી શકયાં હોત!

આમ છતાં, એમના વ્યકિતત્વનાં મહત્વનાં અંગો છે– એમનો વાત્સલ્યભાવ ને કરૂણા—જે એમને "એક કરુણાર્દ્ર મા" ની કક્ષામાં મૂકી દે છે. એમના એ ગુણોજ એમના સંસર્ગમાં આવતા સાધકભાઈ બહેનોને કોઈ ગૂઢ ચૂંબકીય-શકિતથી ખેંચી રાખે છે. પૂ. મા કદી કોઇનું દુઃખ જોઇ શકતાં નથી. એમનું સ્નેહાર્દ્ર હૃદય કોઇનીય વ્યથા જોઈ દ્રવવા માંડે છે. એની એ વ્યથા શી રીતે શમે, એ માટે એ ચિંતિત થઈ જાય છે, ને પોતાનાથી બનતુ કરી છૂટવા તત્પર બને છે.

આત્મિક સાધનામાં લાગેલ વ્યકિતઓ ઘણીવાર વ્યવહારિક જીવનની કઠોર વાસ્તવિકતાઓ ને વ્યથાઓ પ્રત્યે સંવેદનશીલ નથી જણાતી. પરંતુ પૂ. મામાં એથી ઉલટું છે. આત્મિક સાધનાએ એમને કઠોર નથી બનાવ્યાં. એ એવાં જ કુસુમાર્દ્ર છે. આવી વ્યકિત જયારે આત્મિકશકિતઓથી સંપૂર્ણ સંપન્ન બને ત્યારે તે માનવોને મહા ખપમાં લાગે છે. એમને જીવનની વિષમતાઓ વચ્ચે જીવવાનું બળ પૂરૂં પાડે છે, ને નવજીવનનો મંત્ર ધરે છે.

જો કે છેલ્લા કેટલાક વખતથી પૂ. માના ભગવતી સ્વરૂપની અનુભૂતિઓ ઘણું સાધક ભાઇબહેનોને થઈ છે અને આજેય થતી રહે છે. એમાંથી ઘણુંએ પ્રેરણા ને બળ પણ મેળવ્યાં છે ને એમણે આત્મિક માર્ગે સારી એવી પ્રગતિ પણ કરી છે. ઇચ્છીએ કે પૂ. માનું એ ભગવતી સ્વરૂપ ખૂબ વ્યાપક બની, આવતાં વર્ષોમાં માનવજાતને આત્મોન્નતિના મંગલમય માર્ગે દોરી જનારૂં નીવડે.

———



# મહાત્માજીનો ૧૦૦મો ઉપવાસ-દિન

ભાઈલાલભાઈ છાટબાર

તા. ૩–૧–૫૫ ની સવારે સાડા નવ વાગ્યે દર્શન–વંદન માટે વાઘવાળે બંગલે ઉતારા પર પહોંચ્યો. મહાત્માજી હિંડોળા ઉપર બેઠા છે. પ્રણામ કરીને હું સન્મુખ બેઠો. ગોરધનભાઇ ત્યાં હતા જ.

મહાત્માજીએ કહ્યું : ઉતારાની જગ્યા સારી છે. સગવડ-વાળું વિશાળ મકાન છે અને વળી તદ્દન શાન્ત ને સ્વતંત્ર છે. તમારે સૌને સારો પુરુષાર્થ કરીને આ ઉતારો ગોઠવવો પડ્યો હોય એમ દેખાય છે.

તેઓશ્રીને ઉતારાની જગ્યા અને ગોઠવણ પસંદ પડી છે, તે જાણી પ્રસન્નતા અનુભવી. દરમિયાનમાં મુ. નરોત્તમભાઈ પણ આવી પહોંચ્યા.

મહાત્માજી ગઇ પરમ તા. ૧-૧–૫૫ ના રોજ સિહોર ગૌત્તમેશ્વર પરના ગૌત્તમકુંડ પાસેના ગુફા નિવાસી સંત-પુરુષ શ્રી હનુમાનદાસજી મહારાજને મળવા ખાસ ગયા તે જાણી ગઈ રાતે મને અચંબો થયેલ.

વાતચીત દરમિયાન જાણવા મળ્યું કે મહાત્માજી 'દર્શન' માસિકમાં પ્રકટ થયેલ બે લેખ વાંચીને ત્યાં જવા પ્રેરાયા હતા. તે વખતે 'દર્શન' માસિક ભાવનગરમાંથી પ્રસિદ્ધ થતું હતું અને પૂ. સ્વામી રામદાસજી ( કન્હનગઢ ) ના તત્ત્વદર્શનને સ્પર્શતા લેખો મુખ્યત્વે તેમાં પ્રકટ થતા હતા. મહાત્માજીએ વાંચેલ બે લેખ પૈકી એકમાં સંત શ્રી હનુમાનદાસજીની ગણુના,

તિરુવન્નમલૈના ભગવાન રમણ મહર્ષિ તુલ્ય છે એમ કરેલી. બીજા લેખમાં મા શ્રી આનંદમયી તથા શ્રી હરિબાબા આ સંતના દર્શને ગયાં હતાં તે વિશેનો અહેવાલ હતો. આ બંને વિભૂતિ સાથે એક બંગાળી ( ગૃહસ્થી ) ભક્ત પણ હતા. આ બંગાળી ભક્ત સંત શ્રી હનુમાનદાસજીથી અતિ પ્રભાવિત થયેલા અને શ્રી હરિબાબાએ સંતના સાન્નિધ્યમાં કીર્તન કર્યું, એવી વિગત લેખમાં હતી. સવિશેષ નોંધપાત્ર હકીકત એ હતી કે શ્રી હરિબાબાએ ભાવનગર જઈ ત્યાંના ભક્તો પ્રશંસકોને કહેલું કે : હનુમાનદાસજી મહારાજ બહુ મહાન અને જૂના સમયના યોગીપુરુષ છે. આવા મહાત્મા-ઓ દેશમાં ભાગ્યે જ જોવા મળે છે. તેઓ પૂર્ણ સિદ્ધપુરુષ છે અને ત્રિકાળદર્શી છે.

મહાત્માજીએ મુલાકાત સમયે મિનિટે મિનિટનો ઉપયોગ કરી, પોતાની સાધના સંબંધી, શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ અને સ્વામી વિવેકાનંદના થઇ ચૂકેલા પુનર્જન્મ વિશેની માન્યતા સંબંધી, અત્યારે ભગવાનનો અવતાર થઈ ચૂકયો છે તે માન્યતા વિશે, ગાંધીજીના પૂર્વજન્મ સંબંધી, શ્રી અરવિન્દ અને શ્રીમાતાજીની આગાહીઓ વિશે, સ્વામી રામ-દાસજી (કન્હનગઢ)એ ત્યારે યુરોપના પ્રવાસ સમયે કરેલી આગાહી પરત્વે શ્રી શિરડી સાંઇ સંબંધી–એમ અલગ અલગ ઉદ્દેશમૂલક પ્રશ્ન પૂછેલા. પૂ. માતાજીએ પણ મહાત્માજીના લાંબા સમયના ઉપવાસો હવે કયારે છૂટશે, તેવો છેલ્લો પ્રશ્ન ગૌતમકુંડના સંતની વિદાય લેતાં ઊઠતાં ઊઠતાં કરેલો.

પ્રશ્નો, પ્રત્યુત્તરો અને તારણ એ બધું વિગતે જાણતાં મહાત્માજીની ગૌતમકુંડ પરની વેધક પ્રશ્નોત્તરીનું 'દશ્ય-શ્રવણ' તાદૃશ્ય થયું.



મહાત્માજીએ ધીરે ધીરે મુલાકાતની ઝીણવટભરી વાત કરી. અહીંની આ પ્રશ્નોત્તરીની સવિસ્તર માહિતી 'પ્રકાશના પંથે'માં છે.

વિશેષ પરિશ્રમ ન આપવાની દૃષ્ટિએ અમે સાડા દસ વાગ્યે પ્રણામ કરીને રજા લીધી.

સાંજે ૫–૧૫ વાગ્યે ઉતારે પહોંચ્યો ત્યારે બહેનોનો સત્સંગ લગભગ સમાપ્તિ પર હતો.

ધર્માનુરાગી ભજનપ્રેમી બારપંદર બહેનોએ આજથી આ સત્સંગનો આરંભ કરી દીધેલ. સાંજે સાડાચારથી આ સત્સંગ રોજ બપોર પછી રહેનાર છે.

ભજનો ગાવા માટે બહેનોમાં એક પ્રકારે સ્પર્ધા ચાલતી હોય તેવું વાતાવરણ રહે છે. એક બહેન ભજન પૂરું કરે કે તરતજ બીજાં બહેન ભજન ઉપાડી લે. તે પૂરું થતાં કોઇ ત્રીજાં બહેન ભજન શરૂ કરી દે. આમ સાતઆઠ બહેનોના મધુર કંઠે ભજન ઉપર ભજન ચાલ્યાં જ કરે. ઝીલી શકાય તેવા ભજનોમાં અન્ય બહેનો પંક્તિએ પંક્તિએ સૂર પુરાવી સાથ આપે.

મધુર કંઠે ગવાતા પ્રભુ ભજનોનો આમ રોજ સાંજે નિત્યક્રમ બની રહેનાર છે. વળી સાંજે સાડા પાંચ આસપાસ આ બેઠક પૂરી થતા સૌ બહેનો દેવમંદિરે જઇને પોતે ઘરે પહોંચે. સત્સંગ પછી દેવદર્શન એવો જાણે કે બહેનોએ નિયમ લીધો છે.

બહેનોનો ભક્તિભાવ અને પ્રભુપ્રેમ અદ્ભુત કહી શકાય તેવો. કેટલાંક બહેનો તો પ્રાચીન સમયની ઋષિઓ કે

ઋષિકન્યાઓની યાદ તાજી કરી દે છે.

સાંજે ફરવા જવા માટે 'અંતર-સમય'ની દષ્ટિએ તદ્દન નિકટ આવેલ નદીકિનારાનો વિશાળ પટ વિસ્તાર ઘણો અનુકૂળ હતો. ઉતારાના બંગલા સામેની ખુલ્લી જગ્યાના વિશાળ વિસ્તારની સામેની કિનારીએ વાડીઓ આવેલી હતી, જેની કાંટાળી વાડ બંગલામાં ઊભાં ઊભાં જ દેખાતી હતી. સામે જમણી બાજુને ખૂણે કાનાભાઈ દખ્ખણીની અને ડાબી બાજુને ખૂણે કાળાભાભાની (હાલ સોપારીવાળાની) વાડી—ખૂણા પરની આ બે વાડીઓ વચ્ચેના ટૂંકા રસ્તા ઉપરથી પાંચ-સાત મિનિટમાં નદીતટ ઉપર પહોંચી જઈ શકાય તેમ હતું. કિનારાની વનશ્રીનો વૈભવ માણવા ઊતરી આવતી સંધ્યા-સંચરણ સ્વર્ગીય શોભા સર્જતું.

નદીકિનારે જવા માટે મહાત્માજી અને માતાજી સાથે હું નીકળ્યો. નદીના પટમાં બેસવા માટે ઉતારા ઉપરથી બે આસન સાથે લઇ લીધાં હતાં.

આજે નદીના પટમાં બેઠા બેઠા ઉપવાસો અંગે વાત નીકળેલી. બેમહિના કરતાં વધારે સમયગાળાના ચાલુ ઉપવાસે મહાત્માજી મહેસાણા ભાઇ નારણભાઈ જાનીને ત્યાં ગયેલા એમ તેઓશ્રીએ વાત કરી. તેઓ ભાઈ ત્યારે સરકારી નોકરીમાં ત્યાં હતા અને એકલા હતા. એમનું કુટુમ્બ મુંબઈ હતું એટલે રસોઇ પોતે હાથે બનાવી લેતા અને તે વખતે મહાત્માજી આરામખુરશીમાં બેઠા બેઠા વાતો કરતા રહેતા.

ભાઈ નારણભાઇને ઇચ્છા રહ્યા કરતી કે મહાત્માજી એમને ત્યાં હતા તે દરમિયાન ઉપવાસ છૂટે. પરન્તુ એમ બન્યું નહિ. મહાત્માજીને મા ભગવતી પાસેથી ઉપવાસ



છોડવાની આજ્ઞા મળતી નહોતી અને પૂછવા પર હજી આગળ ચાલવાની આજ્ઞા મળતી રહેતી હતી. મહેસાણાના ૩૩–૩૪ દિવસ જેટલા રોકાણ દરમિયાન ઉપવાસવ્રત જેમનું તેમ ચાલું રહ્યું. મહેસાણામાં ત્યારે સાંજે કોઈ કોઇ પરિચિતો મહાત્માજીને મળવા આવતા. સાંજે સાન્નિધ્ય-સત્સંગ માટે આવનાર આ ચાહકભકતોમાં ખાસ ઉલ્લેખનીય માસી–ભાણેજ બે બહેન પણ હતાં, જેમનું જીવન પ્રભુભક્તિમય અને અતિ સાત્ત્વિક હતું. મહેસાણામાં દિવસનો બધો સમય મહાત્માજી ધ્યાન, જપ અને પ્રાર્થનામાં ગાળતા.

મહાત્માજીના સાધનકાળ દરમિયાન અને ત્યાર પછી અનેક વાર ઉપવાસનું કઠોર વ્રત ચાલ્યા કરેલું.–ચૈત્ર–આસોના નવરાત્રમાં તો પ્રતિ વર્ષે તે ચાલતું રહેતું. નાસિકના ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા પછીની આ ૧૦૦ ઉપવાસની અતિ ઉગ્ર તપશ્ચર્યા ચરમ સીમા સમાન હતી. આ ઉપવાસ વ્રતનો લાંબો—અતિ લાંબો સમયગાળો હજી પૂરો થતો નહોતો.

નદીના પટમાં બેઠાં બેઠાં મહાત્માજીના શ્રીમુખે સાંભળેલ આ અતિ ઉગ્ર ઉપવાસવ્રતને લગતા મધુર વાર્તાલાપનો આહ્‌લાદ નનપ્રાણમાં છવાઇ ગયો.

સાંજે સાત વાગતાં વાગતાંમાં તો શિયાળાની સાંજ વેગ પકડી રહી હતી. નદીના આ વિશાળ ખુલ્લા પટમાં અંધકાર ફેલાય તે પહેલાં અમે ઉતારા તરફ જવા નીકળ્યા. રાતના ૮–૦૦ થી શરૂ થતા પ્રવચન માટે પાછા ફરવાનું હતું.

ઉતારા ઉપર પહોંચી પ્રણામ કરીને હું ઘેર પહોંચ્યો. જમી–પરવારી આઠ વાગ્યે પ્રવચનમાં પહોંચી ગયો. શ્રોતા-

વૃંદમાં ૬૦-૭૦ ભાઈબહેનો હતાં. પ્રવચન અને ધૂન બાદ સૌએ પ્રણામ કરીને રજા લીધી......

પોતાના હૃદયના પાત્રને કેવી રીતે સુદૃઢ કરવું, સ્વચ્છ કરવું અને વિશાળ કરવું-તેની ત્રિવિધ પ્રક્રિયાનો બોધ મહાત્માજીના સાંનિધ્યમાં સાંપડે છે. સમર્થ ગુરુના સાંનિધ્યથી જીવનના પાત્રની સુદૃઢતા સ્થપાય છે, તે પ્રત્યક્ષ અનુભવ પળે પળે મહાત્માજીના સાંનિધ્યમાં થઈ રહ્યો છે. તેઓશ્રી કહે છે કે: પોતાના જાત અનુભવ અને આત્મનિરીક્ષણથી સ્વચ્છતા પાંગરે છે. જુદા જુદા સંતમહાત્માઓના સમાગમ અને તેમના નિકટના જીવનદર્શનથી વિશાળ ક્ષિતિજો ખુલતી જાય છે અને હૃદયનું પાત્ર વિશાળ બને છે. આ જીવનમાં સત્સંગ, સેવા અને પ્રભુભજન એ ત્રણ લહાવા છે. આત્મવૈભવની તોલે અન્ય કોઈ પણ વૈભવ આવી શકે નહિ. બીજા બધા વૈભવો અલ્પજીવી અને ક્ષણભંગુર છે. માત્ર આત્મવૈભવ જ અમૃત છે. તૂટીફૂટી એકાંત ઝૂંપડીમાં માત્ર લંગોટી ધરાવનાર અને બાફેલી ભાજી જેમાં મીઠાનું મિશ્રણ પણ ના હોય તેવા ભોજન પ્રસાદે તૃપ્તિથી તર અને તુષ્ટ તપસ્વીના આત્મવૈભવ પાસે ઇન્દ્રનો વૈભવ પણ ઝાંખો પડતો હોય છે.



# પારખું

સાધુ પ્રીતમપ્રસાદદાસ

શિયાણી ગામ સૌરાષ્ટ્રમાં લીંબડી તાબામાં આવેલું છે. વિદ્વાન બ્રાહ્મણ શિવરામ ભટ્ટ આખા ગામમાં ખૂબ જાણીતા હતા. તેમના મુખે શ્રીમદ્‌ભાગવતનું પાન કર્યું હોય, તે ભક્તિભીના થયા વગર રહે નહિ. ગામમાં ગોર પણ તેજ હતા. લગ્ન જેવા પ્રસંગોમાં તેઓ મોવડી રહેતા. એક વખત સાયલામાં કથા પ્રસંગે ઋષભદેવ ભગવાનનું આખ્યાન ચાલતું હતું. તેમાં વાત આવી કે ઋષભદેવ ભગવાને બ્રહ્માવર્તદેશમાં જ્ઞાન દઈને પોતાના પુત્રોને ત્યાગી બનાવી દીધા. ત્યારે એક ભગવદીય સભામાં બોલ્યા, "એતો પરોક્ષ ઋષભદેવની વાત થઇ પણ આજે સ્વામીનારાયણ ભગવાનના શિષ્યગણમાં ઋષભદેવ જેવા તો ઘણા જોવા મળે છે."

'કોણ છે એ ? તમે કોઇને જોયા એવું જ્ઞાન ધરાવનારને ?' વ્યાસપીઠ પરથી શિવરામ ભટ્ટે એ ભગવદીયને પૂછયું. શિવરામ ભટ્ટ માનતા હતા કે જ્ઞાન સંપાદન કરવાનો અધિકાર માત્ર ઉચ્ચવર્ણના લોકોને જ છે. બીજાઓએ તો દબાઇને જ રહેવાનું હોય. જ્ઞાનની લમણાફૂટમાં પડવાનું નહિ.

સભામંડપ આખો ભરાઇ ગયો હતો. આથમણી કોરે ખૂણામાં એક શ્યામ વર્ણનો યુવાન બેઠો હતો. કપાળમાં સોહામણું તિલક અને ચાંદલો શોભતાં હતાં. આંખો બંધ કરીને માળા ફેરવતો હતો. એ જાતનો વાઘરી હતો, પણ સત્સંગના સંસ્કારથી વૈષ્ણવ બનેલો હતો.

'પુરાણીજી, આપે હમણા જે જ્ઞાનીઓની વાત કરી તેમાંનો એક જ્ઞાની આ સગરામ વાઘરી છે.' સૌએ પાછાફરીને સગરામ તરફ જોયું. પુરાણીજી વ્યાસપીઠપરથી ઊંચા થયા. સગરામ તરફ નજર કરી.

'એ સ્વામીનારાયણનો પાકો ભગત છે. નિયમ ધર્મમાં પુરો. નીચ વર્ણનો છે છતાં વ્યસનનું નામનિશાન નથી. આપની જેમ કથા કરતો નથી એટલુંજ, બાકી જ્ઞાનમાં કે પ્રશ્નોત્તરમાં ભલભલાને પાછા પાડે એવો છે.' શ્રોતાગણો સગરામની પ્રસંશા કરી રહ્યા હતા.

'એ વાઘરી શું સમજે ? આ તો અમારા જેવા પંડિતોનું કામ અલ્યા ઊભો થા. મને એક પ્રશ્ન પૂછ જોઉં એટલે ખબર કે તને શું આવડે છે !' શિવરામ ભટ્ટે સભામાંજ સગરામને ઊભો કર્યો.

સભાજનો જાણતા હતા કે સિંહના તો સિંહજ હોય. કઇ જ્ઞાતિમાં કોનો જન્મ થાય એ કાંઇ નથી હોતું. વિદુરજીની કઈ જ્ઞાતિ હતી ? છતાં કેવા પ્રેમી તથા જ્ઞાની હતા ? શબરી ભીલ જ્ઞાતિની હતી, શાસ્ત્રોમાં તેનું નામ લખાઈ ગયું.

હાથમાંની માળા ગળામાં પહેરી સગરામ ઊભો થયો. વિનયપૂર્વક હાથ જોડી કહ્યું, 'ભટ્ટજી. વિદ્વાન તો આપ છો. અમે ગામડાના માણસ ઝાઝું શું સમજીએ ? થોડો સમાગમ રાખ્યો છે. તે કંઇક ઠીક થયું છે. આપે પ્રશ્ન પૂછવા આજ્ઞા કરી, તેથી પ્રશ્ન પૂછું છું કે, 'ચિત્તમાં વિષય રહ્યા છે કે વિષયમાં ચિત્ત રહ્યું છે ?'



સગરામનો પ્રશ્ન સાંભળીને આખી સભા સ્તબ્ધ થઇ ગઇ ! એક વાઘરી જેવા શૂદ્ર અને અભણ માણસ પાસેથી આવો પ્રશ્ન ક્યારેય સંભવે નહિ. ભટ્ટજી ખભા પરનો ખેસ આઘોપાછો કરવા લાગ્યા.

'ઘણા સમયથી મને આ પ્રશ્ન મૂંઝવતો હતો. થયું કે લાવ ઊભો થઇને પૂછી લઉં, ત્યાં આપે સામેથી કૃપા કરી.' એમ કહી સગરામ મૂંગો રહ્યો. શિવરામ ભટ્ટે ચર્ચાત્મક ઉત્તર આપવા માંડ્યો. સગરામે કહ્યું, 'ભૂદેવ, આપ ફાવે તેમ ઉત્તર કરો, પણ એથી જો આ શ્રોતાઓના મનનું સમાધાન કરવા માંડયું પણ યથાર્થ ઉત્તર થયો નહિ. શ્રોતાઓએ હુરિયો બોલાવ્યો. ચારે બાજુ અવાજ થઇ ગયો. એ અવાજ ક્યાંક ઘસાઇને દોડતો હતો. ક્યાંક ડગમગ ચાલતો હતો. ક્યાંક છાતીમાં વાગે તેવો થયો. 'હ્યો ભટ્ટજીએય કથા કરવા બેસી ગયા. આ તો એક વાઘરીએ પ્રશ્ન પૂછયો, ત્યાં હાંફી ગયા.' શબ્દોની ગરમીથી ભટ્ટજી પરસેવાથી ભીંજાઈ ગયા, તેથી મૂંઝાયા અને બોલ્યા કે, 'મારું એક પુસ્તક વતનમાં રહી ગયું છે, તે લેવા મારે જવું છે. પછી સમાધાન કરીશ. ત્યાં સુધી આ કથા બંધ રહેશે.' એમના મુખ પર ખીજની રેખાઓ અંકાઇ ગઈ હતી.

ભટ્ટજી ભાગવત વીંટીને શિયાણી તરફ ચાલ્યા, ત્યાં કોઇએ સલાહ આપી કે, 'ગઢડા જઇને ખુદ સ્વામિનારાયણને આ પ્રશ્ન પૂછી આવો, તો યોગ્ય સમાધાન થશે. જ્ઞાન માટે ઈશ્વર પાસે અથવા સદ્ગુરુ પાસે જવું. એ મેળવવા શ્રદ્ધા અને પ્રાણ એમનામાં જોડવાં, અંતઃકરણમાં તમામ પ્રકારનું જ્ઞાન ભરાય, પણ ડહાપણ મૂકવું પડે. જેમ દરિયામાં અનેક

નદીઓ ઠલવાતી રહે, દરિયો દરેક નદીઓને પીતો રહે તેમ. ગમે તેવા વિદ્વાન થયા હોઇએ, તો પણ વિદ્વાનોએ જ્ઞાનની તરસ હંમેશા રાખવી.'

શિવરામ ભટ્ટને થયું કે ધર્મનું કાર્ય તત્કાળ કરવું જોઇએ. સદ્દુપદેશ ગ્રહણ કરવો એ પણ એક ધર્મ છે.

તેઓ ગઢડા સહજાનંદ સ્વામી પાસે પહોંચ્યા. ભટ્ટજીએ સહજાનંદ સ્વામી ભણી જોયું. સમજી ગયા કે તેઓને પ્રશ્ન પૂછીશ તો રાજી થકી ઉત્તર દેશે.

શ્રીજી મહારાજને કોઈ પ્રશ્નો પૂછે તે બહુ ગમતું, ક્યારેક તેઓ સામેથી પરમહંસોને પ્રશ્નો પૂછતા. ક્યારેક પ્રશ્ન કેમ પૂછવો તે શીખવતા. અને યથાર્થ ઉત્તર મળે ત્યાં સુધી સુંદર રીતે નિરૂપણ–ઉત્તર કરતા. ભટ્ટજી પોણો કલાક સુધી સહજાનંદ સ્વામી સાથે એકાંતમાં બેઠા. જ્ઞાનગોષ્ઠિ થઇ. ભટ્ટજીનો ઉદ્વેગ ક્યાં ગુમ થઇ ગયો તેની ખબર ન રહી. અંતરમાં જંપ વળી ગયો.

ભટ્ટજીની કથા સાયલામાં અધૂરી હતી. તેઓ પ્રશ્નનો ઉત્તર મેળવી હરખાતા હરખાતા સાયલા આવ્યા. રાત્રે ચોકમાં સભા કરી. સગરામ વાઘરી પણ પોતાના સ્થાનમાં બેઠો હતો. ભટ્ટજી વ્યાસપીઠ પર બેઠા એટલે સગરામ ઊઠયો. તેને થયું કે ભટ્ટજીને નમન કરી આવીને પાછો બેસી જઇશ. કારણ કે ભટ્ટજી મારા પર નારાજ થયા હશે. મેં તો જિજ્ઞાસાથી પૂછ્યું હતું. પરંતુ તેમાંય અવળું પડતાં વાર લાગે નહિ. એટલે તે આગળ જવા લાગ્યો કેટલાકે એને રોકયો અને કહ્યું 'થોડીવાર પછી ભટ્ટજી જ તને બોલાવશે



અને કશા સંકોચ વગર તું ત્યાં જજે. ત્યાં તો ભટ્ટજીએ સામેથી શ્રીજી મહારાજનાં વચનોની નોંધ કાઢી 'એ દિવસે પેલા વાઘરીનો પ્રશ્ન બાકી હતો તેનો ઉત્તર આ રહ્યો...' એમ કહી રસાળ શૈલીમાં પ્રશ્નનું સમાધાન કર્યું. સૌ ઉત્તર સાંભળીને રાજી થયા. સગરામ મર્મ સમજી ગયો. તેણે તરતજ કહ્યું હવે યથાર્થ ઉત્તર થયો.

આ ઉત્તર પર ચિંતન ચાલ્યું. કોઇને દ્વિધા રહી નહિ. આ ઉત્તર અનુભવમાં પણ મળતો આવ્યો હોય તેવું સૌને લાગ્યું. શિવરામ ભટ્ટ જોરદાર શૈલીમાં હજુ આ ઉત્તર પર જમાવટ કરી રહ્યા હતા. સગરામે અધવચ્ચેથીજ હાથ જોડીને કહ્યું. 'ભટ્ટજી ! ગમે તે હોય, પણ તમે જે શબ્દોથી સમાધાન કર્યું તે શબ્દો તો મારા ગુરુ સ્વામિનારાયણના છે. બીજાથી આવો ઉત્તર ન સંભવે." શિવરામ ભટ્ટે નિખાલસતાથી તે કબૂલ કર્યું અને એ વાઘરી ભક્તને પ્રેમથી નમસ્કાર કર્યાં. તે ભટ્ટજી આવા ભકતોના સમાગમથી ચુસ્ત સત્સંગી થયા. અધિક મહિમા સમજાયો એટલે સ્વામિનારાયણના સંત થઈ ગયા. પાછળથી અખંડાનંદમુનિ નામે વિદ્વાન કવિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

# વિનય પત્રિકામાં
# સંત તુલસીદાસજીની ભકિત

પ્રા. શશિકાન્ત કોન્ટ્રાકટર

ગોસ્વામી તુલસીદાસજી તે યુગમાં પેદા થયા, તે યુગને હિંદી સાહિત્યમાં ભકિતકાલ કહેવામાં આવે છે. તુલસીદાસજી-ની ભકિત વિષે જાણતાં પહેલાં ભક્તિ કોને કહેવામાં આવે છે તે સમજવું જરૂરી છે. ભજ્ ધાતુ પરથી ભક્તિ શબ્દની વ્યુત્પત્તિ થઈ છે, જેનો અર્થ ભજવું થાય છે. દેવર્ષિ નારદના મતાનુસાર ભક્તિ પરમ પ્રેમરૂપ તથા અમૃત સ્વરૂપ છે "सा त्वस्मिन् परमप्रेमरूपा अमृतस्वरूपा च ।" મહામુનિ શાંડિલ્યના મતાનુસાર ઈશ્વર પ્રત્યે પરમ અનુરાગને જ ભકિત કહેવામાં આવે છે. 'सापरा नुरक्तिरीश्वरे । વલ્લભાચાર્યના મતાનુસાર જ્ઞાનપૂર્વક સુદૃઢ અને સતત સ્નેહ ભકિત છે. આચાર્ય રામચંદ્ર શુકલ શ્રદ્ધા અને પ્રેમના યોગને ભક્તિ માને છે. ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદી ભક્તિની વ્યાખ્યા આપતા લખે છે. "ભગવાન પ્રત્યે અનન્યગામી એકાંત પ્રેમનું નામજ ભક્તિછે."

ઉપર્યુકત બધી વ્યાખ્યાઓમાં શબ્દોનું અંતર ભલે દેખાય પરંતુ અર્થમાં કોઈ અંતર નથી. એક જ વાકયમાં બધી વ્યાખ્યાઓનો સાર વ્યકત કરી શકાય. "ભગવાનના મહાત્મ્યનો ખ્યાલ રાખી શ્રદ્ધા અને પ્રેમ સહિત એમના પ્રતિ આત્મસમર્પિત થઈ જવું એજ ભકિત છે." મહાત્મા યોગેશ્વરજી કહે છે તેમ ભક્તિ એ ભગવાન સાથે એક થઈ જવાની પ્રક્રિયા છે.



પંડિત ગોપીનાથ કવિરાજે ભકિત વિષયક મત પ્રતિપાદિત કર્યો છે જે શ્રીતુલસીદાસજીની ભકિતને પણ લાગુ પડી શકે છે. તેમનો મત સંક્ષેપમાં નીચે મુજબ છેઃ—

(૧) યોગીને ભગવદ્સાક્ષાત્કાર હૃદયમાં સ્વપ્નવત્ થાય છે.

(૨) ચિત્કલા જ્યારે વિકસિત થઈ આનંદશકિતમાં પરિણમે છે અને વિશુદ્ધ સત્વમ પરિવર્તિત થાય છે ત્યારે ભકિતની ભૂમિકા તૈયાર થાય છે. ભકિત શુદ્ધસત્વનું જ પરિણામ છે.

(૩) શુદ્ધસત્વની ભૂમિપર જ્યારે જીવનો સમગ્ર અહંકાર નષ્ટ થઇ જાય છે, ત્યારે એમાં તથા ભગવાનમાં કોઇ અંતર નથી રહેતું અને તે સ્વયંને સ્વયંમાં જુએ છે, જાણે છે અને અનુભવે છે.

તુલસીદાસજી પોતાની ભકિત પદ્ધતિમાં પૂર્ણ પ્રપત્તિવાદી છે. પ્રપત્તિવાદી તેજ બની શકે જે અહંકારશુન્ય હોય અને જે સંપૂર્ણ સમર્પણ કરી શકે, ભક્તિની કઠિનતાના ઉલ્લેખ કરતાં ગોસ્વામીજીએ 'વિનયપત્રિકા'માં આજ વાત કહી છે. "રઘુપતિ ભગતિ કરત કઠિનાઇ" અર્થાત્ ભકિતની ભૂમિકા શોક, મોહ, ભયરૂપ, રાત–દિવસ તથા દેશ–કાળથી પર છે. આ ભૂમિકાની પ્રાપ્તિ એને જ થાય જે નિરહંકાર તથા સંશયહીન હોય. આ પ્રસંગમાં કવિરાજ દ્વારા વર્ણિત શુદ્ધ સત્વભૂમિના સ્વરૂપનો સમાવેશ થઇ જાય છે.

રામ અથવા ઈષ્ટ પ્રત્યેનો અનન્યભાવ અથવા પ્રેમનું વર્ણન રામચરિતમાનસના એનેક પ્રસંગોમાં થયું છે. આ સુંદરભાવ તુલસીદાસના નિમ્નલિખિત દોહામાં જોવા મળે છે.

"કામહિ નારિ પિઆરિ જિમિ, લોભિહિ પ્રિય જિમિ દામ
તિમિ રઘુનાથ નિરંતર, પ્રિય લાગહુ મોહિ રામ."

અર્થાત્ જેમ કામીમનુષ્યને નારી પ્રિય લાગે, લોભીને પૈસો પ્રિય લાગે તેવી રીતે મને રઘુનાથ શ્રી રામચંદ્ર હંમેશ પ્રિય લાગે. શ્રીરામ પ્રત્યેની એવી જ પ્રેમની અનન્યતા ને દૃઢતાનાં વિનયપત્રિકામાં અનેક પદો છે.

"રામ જપુ, રામ જપુ, રામ જપુ બાવરે
ઘોર ભવ નીર નિધિ નામ નિજ નાવ રે."

અર્થાત્ રે જીવ ! તું રામ જપ, રામ જપ, રામ જપ કારણકે આ ઘોર ભવસાગરમાં એજ એક માત્ર નૌકા છે.

રામ નામ પ્રેમ–પરમારથકો સાર રે
રામનામ તુલસીકો જીવન આધાર રે."

ગોસ્વામીજીની ભકિત પદ્ધતિમાં પ્રેમ તથા દૈન્યનું અતિશય મહત્ત્વ છે. તેઓ પ્રેમને મોક્ષ કરતાં પણ શ્રેષ્ઠતર માને છે. હિંદીસાહિત્યના મહાન વિવેચક શ્રી રામચંદ્ર શુકલજી વિનયપત્રિકાની ભકિત વિષે લખે છે, "ભકિતરસનો પૂર્ણ પરિપાક જેવો વિનયપત્રિકામાં છે તેવો બીજે કયાંય નથી. એમાં પ્રગાઢ પ્રેમ, અવલંબનનું મહત્ત્વ તથા પોતાના દૈન્યના અનુભવનું એવું સ્વચ્છ શબ્દરૂપી ઝરણું વહે છે જેમાં સ્નાન કરવાથી હૈયું સહજરીતે જ નિર્મળ થઇ જાય છે."

ભકિતમાં પ્રેમ ઉપરાંત ઇષ્ટની મહત્તા અને પોતાનું દૈન્ય પ્રદર્શિત કરવું અનિવાર્ય છે; તુલસીદાસજીના રામ સર્વશકિતમાન, અંતર્યામી, સંસારના રક્ષક તથા કરૂણાના સાગર છે.



તેઓ લખે છે,

" રામ સો બડો હૈ કૌન, મો સોં કૌન છોટો ?
રામ સો ખરો હૈ કૌન, મો સોં કૌન ખોટો ?"

અર્થાત્ રામ સમાન મોટો કોણ છે ને મારા સમાન નાનો કોણ છે ? રામ સમાન ખરો કોણ છે ને મારા સમાન ખોટો કોણ છે ?

"તૂ દયાલું દીન હૌં, તૂ દાનિ હૌં ભિખારી,
હૌં પ્રસિદ્ધ પાતકી, તૂ પાપપુંજ હારી."

અર્થાત્ હે પ્રભુ તું દયાળુ છે અને હું દીન છું. તું દાની છે અને હું ભિખારી છું. હું પ્રસિદ્ધ પાપી છું, જ્યારે તું પાપના સમૂહને હરનાર છે."

ભકિતના પ્રકારની દૃષ્ટિએ જોઈએ તો તુલસીદાસજીની ભકિત દાસ્યભકિત અથવા સેવક–સેવ્યભાવની ભકિત છે. આ ભકિતનું મહત્ત્વ એમણે 'રામચરિત–માનસ' માં બતાવ્યું છે. "સેવક–સેવ્યભાવ બિન ભવ ન તરિય ઉરગારિ" અર્થાત્ હે ગરૂડજી, સેવક–સેવ્યભાવ વિના જીવાત્મા ભવસાગરમાંથી તરી શકતો નથી. એટલે આમ કહેવું બરાબર છે કે તુલસીદાસજીની ભકિત સૂરદાસજીની જેમ સખ્યભાવની નથી, મીરાંબાઈની જેમ માધુર્ય ભાવની પણ નથી પરંતુ દાસ્યભાવની છે. ભકિતરસનો પૂર્ણ પરિપાક વિનયપત્રિકામાં છે. તેઓ શ્રી રામના ચરણોમાં પોતાનું સર્વસ્વ સમર્પી દે છે. વિનયપ્રત્રિકાનું પ્રત્યેક પદ સમર્પણ ભાવથી ભરપૂર છે.

ભકિતના બીજા ત્રણ પ્રકારો વિદ્વાનોએ બતાવ્યા છે. (૧) સાત્ત્વિકી (૨) રાજસી અને (૩) તામસી. પ્રથમ પ્રકાર-

ની ભકિત શ્રેષ્ઠ છે તેમાં આત્મસમર્પણની ભાવનાનો સમાવેશ થાય છે અને તે કલ્યાણકામનાથી પ્રેરિત હોય છે. તુલસીદાસજીમાં આપણને સાત્ત્વિકી ભકિતની ઝલક નજરે પડે છે. એમાં આત્મસમર્પણની ભાવના છલોછલ ભરેલી દેખાય છે. વિનયપત્રિકામાં પણ આ પ્રકારની ભક્તિ દેખાય છે.

તુલસીદાસજીમાં પ્રેમરૂપ ભકિતના લક્ષણો પણ જોવા મળે છે. ભકિતની ત્રણ અવસ્થાઓ છે (૧) ગૌણપ્રેમ (૨) મુખ્ય પ્રેમ (૩) અનન્યપ્રેમ. ગૌણપ્રેમનો ઉપાસક સંસારના વિષયોથી આકર્ષિત થઈ જાય છે. મુખ્યપ્રેમનો ઉપાસક સંસારિક કાર્યો કરતો હોવા છતાં ભકિતમાં તત્પર રહે છે જયારે અનન્યપ્રેમનો ઉપાસક સાંસારિકતા તરફ ઝુકતો નથી. તે મોક્ષની પણ પરવાહ કરતો નથી અને અનન્ય શ્રદ્ધાથી પોતાના ઇષ્ટદેવને વળગી રહે છે. તુલસીદાસજીની ભક્તિમાં આ અનન્ય પ્રેમ છે. તેઓ વિનય પત્રિકામાં કહે છેઃ—

" ચહાં ન સુગતિ, સુમતિ, સંપતિ કછુ,
રિદ્ધિસિદ્ધિ વિપુલ બડાઇ
હેતુ–રહિત અનુરાગ રામપદ
બઢૈ અનુદિન અધિકાઈ. "

અર્થાત્ હું સુગતિ સુમતિ કે સંપત્તિ કાંઈ જ ચાહતો નથી. તેમજ મારે રિદ્ધિ સિદ્ધિ તેમજ મોટાઈ જોઇતી નથી, હું તો રામના ચરણોમાં નિર્હેતુક અનુરાગ દિનપ્રતિદિન વધતો રહે એમ ઇચ્છું છું. (ક્રમશઃ)



# સંસ્કારદૂત

શ્રી યોગેશ્વરજી

દેશ તથા પરદેશના પુણ્ય પ્રવાસ દરમિયાન કેટલીક વાર એવા અપવાદ રુપ અસાધારણ આત્માઓનો મેળાપ થાય છે જે જીવનમાં એમની અક્ષય છાપ મૂકી જાય છે. એ જાણે પ્રાણમાં પ્રેમના પૂજાપુષ્પોને લઇને સુદીર્ઘ સમયથી આપણી પ્રતીક્ષા કરતા હોય એવું લાગે છે. એમનો અંતરાત્મા આપણી સાથેના આત્મિક અનુસંધાનને માટે આતુર હોય છે. એમના જીવનમાં આપણો પુણ્ય પ્રવેશ ઐતિહાસિક અથવા શકવર્તી અને ચિરસ્મરણીય ઠરે છે. એ જાણે કે હમણાં જ છૂટા પડ્યા હોય. અને વળી પાછા ભેગા થઇ ગયા એવું લાગ્યા કરે છે. એ પ્રથમ પરિચયે જ આકર્ષણ અનુભવે છે, પ્રેમ કરે છે, ને બંધાઇ કે સંધાઈ જાય છે. પોતાના ફાળે આવેલા પ્રેરક પાઠને પૂરો કરવા અવનવા ઉત્સાહસાથે આકસ્મિક રીતે છતાં ચોક્કસ પણે આગળ આવે છે

લેસ્ટરમાં એક દિવસ એવા અનોખા આત્માનો મેળાપ થયો.

શ્રી ભગવાનભાઈ પરમાર.

એ મળ્યા પણ એકદમ આકસ્મિક રીતે.

વ્યોમમાં વરસાદી વાદળ વ્યાપેલાં. ઇંગ્લાંડમાં અવારનવાર પડે છે તેમ વરસાદનાં કેટલાંક છૂટાં છવાયાં બિંદુ હજુ હમણાંજ પડી ગયેલાં. જેને આપણે ઝરમર કહીએ એવી ઝરમર ધરતીને તાજેતરમાંજ ભીંજવી ગયેલી.

વાયુની લલિત લહરી લાસ્ય નૃત્ય કરી રહેલી. એને વિલોકીને વૃક્ષો ને વલ્લરીઓએ આહલાદની અભિવ્યક્તિ કરેલી.

વાતાવરણ એકંદરે આહલાદક અથવા ખુશનુમા હતું.

રોજના સમય પ્રમાણે અમે અમારા સાંજના સત્સંગ માટે હિન્દુ મંદિર તરફ જઈ રહેલાં એ વખતે એમણે મારી પાસે પહોંચીને અતિશય આદરભાવ, વિનય તથા પ્રેમપૂર્વક પૂછ્યું.

"તમારૂં નામ યોગેશ્વરજી ?"

"હા."

"મેં તમારા પુસ્તકો વાચ્યાં છે."

"કયાં પુસ્તકો ?"

"ગીતા દર્શન, પ્રકાશના પંથે, વિગેરે."

"ઘણું સારું કહેવાય. તમને તે પુસ્તકો ગમ્યાં ?"

"ખૂબજ ગમ્યાં. મારે હોલ લઇને તમારું પ્રવચન ગોઠવવું છે. એવી રીતે જનતાને લાભ મળે."

"તમારી ઇચ્છા આવકારદાયક છે. હાલ હું પ્રવચન માટેજ જઈ રહ્યો છું. સમય થઇ ગયો છે. હાલ તો વિશેષ સમય નથી, પરતું તમે સમય લઇને નિરાંતે મારી પાસે આવો એટલે તમારી વાતને શાંતિથી વિચારીશું."

એ ભાઇ સુલાકાતનો સમય લઇને વિદાય થયા, એટલે અમે હિન્દુ મંદિર તરફ આગળ વધ્યા.

સુવિશાળ, શાંત, સ્વચ્છ માર્ગ પરથી મોટર આગળ વધી.



માર્ગ પરથી મોટરો ઉપરા ઉપરી દોડ્યાજ કરતી તો પણ કોઈ જાતનો કોલાહલ નહોતો થતો. કોઇ ઉતાવળ નહોતું કરતું કે કોઈ હોર્ન નહોતું વગાડતું. કેટલી બધી શિસ્તબદ્ધતા ! ભારતમાં તો ઉપરા ઉપરી હોર્ન વાગ્યાજ કરે. વગાડવાં પડે અને વગાડવામાં આવે પણ ખરાં. જયાં જુઓ ત્યાં અનાવશ્યક કૃત્રિમ કોલાહલ. આ દેશનો વાહન વ્યવહાર એવી રીતે આદર્શ, અનુકરણીય, શિક્ષાપ્રદ કહેવાય.

બે દિવસ બાદ એ ભાઈ મને મળવા આવ્યા. એમણે જણાવ્યું: "મારું નામ ભગવાન પરમાર. મારે તમારું પ્રવચન ગોઠવવું છે."

મેં કહ્યું: "મારા પ્રવચન અહીં રોજ ચાલે છે ને હજુ એકાદ અઠવાડિયું ચાલવાનાં છે."

એમણે કહ્યું, "તેની મને માહિતી છે. પરંતુ એ પ્રવચનોમાં એક અથવા બીજા કારણથી અમારા જેવા કેટલાય શ્રોતાઓ નથી આવી શકતા. કેટલાક જિજ્ઞાસુઓને તમારા પ્રવચનોની ખબરજ નથી. એમના લાભાર્થે મારે એક પ્રવચન મંદિરની બહાર સ્વતંત્રરીતે હોલ ભાડે રાખીને ગોઠવવું છે. તમે અનુમતિ આપો એટલે આગળની પ્રવૃત્તિ શરુ કરું."
"હોલ અહીં ઘણા મોંઘા મળે. તમે પૈસા ખરચીને હોલ રાખો ને જનતા તેનો લાભ ના લે તો ? ખરચ માથે પડે."

"હોલ રાખવો તો છે જ. કોઇ બીજું કદાચ નહીં આવે તો પણ અમે ઘરનાં છ માણસો તો છીએ જ. અમે સાંભળીશું તે પણ પૂરતું. પરંતુ મને આશા છે કે બીજા અનેક જિજ્ઞાસુ શ્રોતાઓ આવશે. અમે એને માટે ઈશ્વર પર

શ્રદ્ધા રાખીને પૂરતો પ્રયત્ન કરીશું. મારો ઉદ્દેશ જનતા તમને જાણે ને તમારી વાણી નો લાભ લે, તમારા દર્શનથી ધન્ય બને, તે છે. આ તો તમે આવીને જતા રહો તો પણ કોઈને ખબર પણ ન પડે !"

"એવી ખબર ના પડે તો પણ શું ?"

"તમારે મન એનું કશું મહત્ત્વ ન હોય. તમને એથી કશું નુકશાન ના થાય, પરંતુ લોકો એટલું ગુમાવે. અમે જનતાને બનતી ખબર આપીએ–ખબર આપવાનું અમારૂં કર્તવ્ય છે; અને એ છતાં પણ જનતા લાભ ના લે તો જુદી વાત. જેવું જેનું નસીબ. પણ અમે અમારું કર્તવ્ય તો બજાવીએજ."

એ ભાઇની વિચારસરણી, ભાવના મને સારી લાગી. મેં એને આવકારી.

એમના અવનવા ઉત્સાહને જોઇને મેં એમને પ્રવચનના આયોજનની અનુમતિ આપી. એમને એથી સંતોષ થયો.

એમના મુખ મંડળ પર પ્રસન્નતાની છાયા ફરી વળી. એમના અંતરમાં આટલો બધો પ્રેમભાવ અથવા ઉમળકો જાગવાનું કારણ ? પૂર્વ સંસ્કારો કે ઈશ્વરની કૃપા. એના વિના મુખ્ય કારણ બીજું કયું હોઇ શકે ?

એકાદ અઠવાડિયા પછી નિર્ધારીત સમયે પ્રવચન યોજાયું. ૨૯–૮–૧૯૮૧ શનિવારે બપોરે ૩ થી ૫ ના ગાળામાં સેન્ટ સ્ટીફન ચર્ચ હોલમાં, ઈસ્ટ પાર્ક રોડની પાસે, વિષય "સાક્ષાત્કાર અને સાધના."



ભગવાનભાઇની સદ્‌ભાવના સફળ થઈ. પ્રવચનનો કાર્યક્રમ ધાર્યા કરતાં વધારે સારી રીતે સફળતાપૂર્વક પુરો થયો. હોલ આખોય ભરાઈ ગયો. શ્રોતાઓએ શાંતિપૂર્વક શ્રવણ કર્યું. પ્રવચનની પૂર્ણાહુતિ સમયે મા સર્વેશ્વરીએ સ્વરચિત ભજનો સંભળાવ્યાં. એ ખૂબજ આવકાર અને આદર પામ્યાં. જનતાએ એમની મુક્ત કંઠે પ્રશંસા કરી.

પ્રવચનનાં સઘળાં સ્થળોમાં મારા પ્રવચન પછી એમનાં ભજનોનો કાર્યક્રમ રાખવામાં આવતો. તે જનતાને ખૂબ જ પસંદ પડતો.

ભગવાનભાઇના સંતોષનો પાર રહ્યો નહીં. એ દેખીતી રીતે જ પ્રસન્ન હતા. ઈશ્વરે એમને એક સરસ સર્વોપયોગી શુભ કાર્યક્રમમાં નિમિત્ત બનાવેલા.

એ શુભ સેવા કાર્યનું બીજ કેવી રીતે વવાયું અને અંકુરિત બન્યું. તેના વિષે પોતાના વિચારોને પ્રદર્શાવતાં એમણે એમના આભાર દર્શનમાં જે કંઇ જણાવ્યું એનો સારાંશ આ પ્રમાણે હતો:—

"પૂજ્ય શ્રી યોગેશ્વરજીનો ને મારો પરિચય ફક્ત પુસ્તક-થીજ, પ્રભુકૃપાથી ખૂબજ ચમત્કારિક રીતે થયો છે. અહીં આ હોલમાં બેઠાં છે તે નર્મદાબેને ઇ. સ. ૧૯૭૮માં મારી દીકરી દક્ષાના લગ્ન પ્રસંગે એને એમનું લખેલું ગીતાદર્શન પુસ્તક ભેટ આપ્યું. એવી રીતે એમનો અમારા ઘરમાં સૂક્ષ્મ-રીતે અક્ષરદેહે પ્રવેશ થયો."

"મને ગીતાપર પહેલેથી જ પુષ્કળ પ્રેમ હોવાથી મેં તે પુસ્તકનું વાંચન કર્યું. એ પુસ્તકમાં એમના બીજા પુસ્તકોનાં

નામ છપાયલાં. મેં અહીંની લાયબ્રેરીમાં તપાસ કરી તો એમની આત્મકથાનું પુસ્તક "પ્રકાશના પંથે" મળી આવ્યું. એમનું યોગદર્શન પુસ્તક પણ મળ્યું."

એમનાં પુસ્તકોને વાંચીને મને ભાવના થઇ કે આ સંત આપણે ત્યાં ગીતા જયંતિ ઉજવાય છે ત્યારે આવે અને આપણી વચ્ચે વાતો કરે કે આપણને ગીતાનો સંદેશો સંભળાવે તો કેવું સારું ?

પ્રભુની ને પૂજ્ય યોગેશ્વરજીની પરમકૃપાથી હું એમને એકાએક મળ્યો. ગીતાદર્શન પુસ્તક જો મારા ઘરમાં ના આવ્યું હોત તો આજે જે લાભ મળ્યો છે તે ના મળી શકત. એથી આ પ્રસંગે નર્મદાબેનનો ખાસ ઉલ્લેખ કર્યો છે એ અસ્થાને નથી."

આરંભમાં એમણે કહ્યું : "પૂજ્ય શ્રીયોગેશ્વરજીની કૃપા આપણા પર ઉતરી અને એમની અમૃત વાણીનો લાભ આપણને મળ્યો તેથી આપણે સૌ ભાગ્યશાળી થયા છીએ.

"એક સાક્ષાત્કારી સંત પાસેથી આજે આપણે જ્ઞાનની અનુભવયુકત સુંદર વાતો સાંભળી."

"એ આપણને વાચેલું કે સાંભળેલું નહીં પરંતુ અનુભવેલું જ જ્ઞાન આપે છે."

"એમની કૃપા આપણા ઉપર ઉતરો એવી પ્રાર્થના સાથે આપ સૌ વતી હું એમને પ્રણામ કરું છું."

પુસ્તકો કેટલું બધું અકલ્પ્ય કામ કરતાં હોય છે. ! ઉપર્યુક્ત પ્રેરક પ્રસંગ પરથી અને એવા અનેક પ્રસંગપરથી એની



પ્રતીતિ થાય છે. પુસ્તકોનો પ્રભાવ દેશ કાળાતીત હોય છે. સદ્ગ્રંથોની શકિત દેશ કે કાળના સીમાડાઓને અતિક્રમીને આગળ વધે છે. માનવની સુષુપ્ત શકિતને અંકૃત કરીને જગાડે છે. એની ચેતનાને અનુપ્રાણિત કરે છે. સર્વપ્રકારે કલ્યાણકારક ઠરે છે.

મારા પુણ્ય પ્રવાસ દરમિયાન મારા પુસ્તકોના વાચકો મને મોટી સંખ્યામાં મળ્યા. મને મળવાની એમનામાંના કેટલાય જાણે કે રાહ જ જોઇ રહેલા !

સારા કામની સફળતાથી એવાજ બીજા સારા કામને કરવાનો ઉત્સાહ પ્રગટે છે. એ કથન ભગવાનભાઇના સંબંધમાં સાચું પડ્યું. પ્રથમ પ્રવચનની સફળતામાંથી પ્રેરણા પામીને એજ વખતે એમણે મારા બીજા પ્રવચનને યોજવાનો સંકલ્પ કર્યો. પંદરેક દિવસ પછી અમારે સનાતન મંદિરના કાર્યક્રમ માટે લેસ્ટર આવવાનું હતું. એ અવસરના અનુસંધાનમાં એમણે એમના સેવાભાવી સન્મિત્ર શ્રી કીર્તિ આઝાદ અને અન્ય સહકાર્યકરોના સહયોગથી બીજું પ્રવચન રાખ્યું. તા. ૧૯-૯-૧૯૮૧ શનિવારે બપોરે ૩॥ થી ૬. ૩૯ હાઇફીલ્ડ સ્ટ્રીટ, સર્વોદય સમાજ હોલમાં. એનો વિષય-"જીવ, જગત અને જગદીશ" રાખવામાં આવેલો.

પ્રવચનનો એ કાર્યક્રમ પણ સંપૂર્ણ રીતે સફળ રહ્યો. જનતાએ એનો સારો લાભ લીધો.

ઈશ્વરે એમને નિમિત્ત બનાવીને અન્ય અનેકને લાભ અપાવ્યો.

એમની પ્રવૃત્તિ બીજાને માટે પ્રેરક થઈ પડે તેવી છે. પોતાને સારું લાગ્યું તેનો લાભ બીજાને પણ અપાવવો, અને એને માટે આવશ્યકતાનુસાર એકલે હાથે પણ આગળ વધવું એ એમની ભાવના હતી. એવી ભાવના અતિવિરલ દેખાય છે. એ વધારે ને વધારે વિકસે ને વ્યાપક બને એવું ઈચ્છવા જેવું છે.

સંસ્કાર અને સંસ્કૃતિના દૂતની, સંનિષ્ઠ સેવકની, એ સ્મૃતિ સદાને સારું રહેશે, બીજાને ઉપયોગી ઠરશે, પ્રેરણા પાશે.


જીવનમાં રહેલી શક્તિઓની ખિલવણી, જીરવણી અને દોરવણી એ ખરી કેળવણી છે.

શ્રી યોગેશ્વર

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા
ઓઇલ એન્જીનના ઉત્પાદકો
ઢેબર રોડ, રાજકોટ—૩૬૦૦૦૧
ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ઓફિસ ૩૩૬૬૦




## જવાનું ચોક્કસ

[નોંધઃ-ટૂંકમાં પ્રસિદ્ધ થનાર પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી-એ પ. પૂ. માતાજી જ્યોતિર્મયીના પાર્થિવ તનુની વિદાયને અનુલક્ષી અંજલિરૂપે લખેલ 'તર્પણ' કાવ્યસંગ્રહમાંથી ]

જવાનું ચોક્કસ આ જગથી.
જન્મમરણની મહાનીસરણી, આ તો લઘુ પગથી
જવાનું ચોક્કસ આ જગથી.

રોવા તેમ કકળવાથી શું ચિન્તા કર્યે શ્રમથી,
પોકાર્યે પણ હેતુ સરે ના તપ યજ્ઞે જપથી.
જવાનું ચોક્કસ આ જગથી.

રથ બદલાયે ગતિ બદલાયે એના અશ્વતણી
પથ બદલાયો લાગે કોદી. ના બદલાય રથી.
જવાનું ચોક્કસ આ જગથી.

સૂકાયે ને ફરી ભરાયે ચાતુર્માસ નદી;
પ્રાનખરે પાન ખરે પાછાં પ્રકટે પ્રાણ ભરી.
જવાનું ચોક્કસ આ જગથી.

સ્વર્ણસમય આ શ્રેષ્ઠ સાંપડ્યો, સુંદર સાધનથી;
શાંતિસહિત જો જઇ શકાયે શોક ન રહે પછી.
જવાનું ચોક્કસ આ જગથી.

—યોગેશ્વરજી

## વિનતી

[ રાગ–મારી નાડ તમારે હાથ ]

હરિ હું આવ્યો તારે શરણે, નાથ અપનાવજો રે,
મૂક્યું મસ્તક તારે ચરણે, હસ્ત પધરાવજો રે. હરિ.

સમગ્ર સૃષ્ટિના સરજનહારા, છો તમે વિશ્વાધારા,
હું વદું વારંવારા વંદન, નાથ સ્વીકારજો રે. હરિ.

ક્યાંથી આવ્યો, શું થાવાનું, હવે પછી ક્યાં જાવાનું,
સમજમાં નહીં આવવાનું, નાથ સમજાવજો રે. હરિ.

આ સંસાર મૃગજળ જેવો, મન ભટકાવે તેવો,
તને પામવા ઉપાય શો લેવો, નાથ બતાવજો રે. હરિ.

કાયા સાથે માયા જોડી, માયા સાથે મન જાએ દોડી,
હું કેમ કરીતે શકું છોડી, નાથ જણાવજો રે. હરિ.

હું ધ્યાન ધરૂં છું તારૂં, મન દોડી જાયે ન્યારૂં,
બાલ કહે કેમ કરીને વારૂ, નાથ સમજાવજો રે. હરિ.

સ્વ. વૈદ્ય મગનલાલ ગોહેલ



## સર્વેશ્વરીની સ્તુતિ

મા સર્વેશ્વરી, સંકટ હારિણી,
ત્રિભુવન ધારિણી, અંબા નમો નમઃ

તું મા દૂર્ગા, તું મા કાળી, તું મા ત્રિપુરા તું મા ભવાની
વિવિધ રૂપે, વિવિધ સ્વરૂપે, દર્શન દયો મા, શરણમાં લોને,
સર્વેશ્વરી મા, સહાય કરોને સર્વેશ્વરી મા સંકટ હરોને
મા સર્વેશ્વરી........

દેવો વંદે, સંતો પામે, ભક્તો આવે શરણમાં તારે,
ધ્યાન જપથી તને પામે, નામ સ્મરણની ધૂણી ધખાવે,
ભાવ ભકિતની ભેટ ધરીને, તનમન તુજ પર વારી જાયે.
મમતામયી મા મદદ કરોને, કરૂણામયી મા કરૂણા કરોને
મા સર્વેશ્વરી........

પાપ તાપ ટાળોને માડી, કષ્ટ કલેશ કાપોને માડી,
માયા ને મમતા મારો માડી, કામને ક્રોધ કાઢો માડી
હેતેશ્વરી મા હેત કરોને, વાહાલેશ્વરી મા વહાલ ધરોને,
મા સર્વેશ્વરી........

શ્વાસે શ્વાસે સ્મરણ તમારૂં, રોમે રોમે ઝંખના જાગે
આકુળ વ્યાકુળ પ્રાણ બન્યા છે, પાગલ થઈ પોકાર કરે એ,
મમતામયી તમે માત કહેવાઓ
તલસાવો, તડપવો કાં બાળાને,
દીન દયાળી દુઃખ હરોને, દીન દયાળી દર્શન દોને
મા સર્વેશ્વરી........

રંજના દેસાઇ

# સંવાદ

કુ. વિભૂતિ મ. દેસાઇ

એક સંત પુરુષનું સુવાકય છે કે “ The Root of real happiness lies in HARMONY ” સાચા સુખનું મૂળ સંવાદમાં રહેલું છે.

અનુભવથી અને વિચારથી સમજાય છે કે આપણે મોટે ભાગે વાદવિવાદ અને વિખવાદમાં જ રાચીએ છીએ, અને પરિણામે નર્યો કલેશ અનુભવીએ છીએ. કુટુંબમાં, સમાજમાં, દેશમાં અને આખા વિશ્વમાં વિસંવાદ જ વિષમતા, વિરોધ અને વૈરનો ગુણાકાર કર્યે જાય છે. અને સાચા સુખનો આપોઆપ ભાગાકાર થતો જાય છે, ચિત્તમાં ચોંટેલું વિસંવાદનું નાનકડું બીજ કાળાન્તરે ફાલીફૂલીને વિનાશક વિશ્વ-વિગ્રહ સુધી વિસ્તરે છે.

પ્રકૃતિમાં વિવિધતા હોવા છતાં સર્વત્ર સહકાર અને સંવાદિતા જોવા મળે છે, અને તેથી તે નિરંતર વિકાસ કર્યા કરે છે. રવિવાર કે રજાના દિવસે આપણે ભલે મોડા ઊઠીએ, પણ સૂર્ય તેના નિયત કાર્યક્રમમાં એક ક્ષણનોય કદી શિસ્તભંગ કરતો નથી. તેથી તો બુદ્ધિજીવી વૈજ્ઞાનિકો સૂર્યના આ સ્વભાવ પર વિશ્વાસ રાખીને તેમની લાંબા ગાળાની અને અબજોના ખર્ચની ચોક્કસ યોજનાઓ પ્રોજેક્ટસ–ઘડે છે. ચન્દ્ર પોતાને સુપ્રત થયેલું–પડવાથી કે અમાસ સુધીનું કાર્ય સમયસર નિર્ધારિત પદ્ધતિએ કરે છે. તેથી તો સો સો વર્ષનાં પંચાંગ તૈયાર થઇ શકયાં છે. કુદરતનાં તત્ત્વોની આ



સંવાદિતા પર આધાર રાખીને તો સાગરતટ પર મોટી મોટી મહેલાતો અને ગંજાવર કારખાનાંઓ ઊભાં થતાં રહ્યાં છે. ભરતી–ઓટની ગતિવિધિની ચોક્કસતા પર માનવીને અચલ શ્રદ્ધા છે.—ભલે એક માનવીને બીજા માનવ પર એટલી શ્રદ્ધા ન હોય!

આપણા શરીર વિષેજ વિચારીશું તો જણાશે કે શરીરનાં ભિન્નભિન્ન અંગો અને અવયવો એકબીજા સાથે સહકાર અને સંવાદિતાથી કાર્ય કરે છે તો જ શરીરનું સ્વાસ્થ્ય જળવાઇ રહે છે. દાંતે ચાવીને ગળામાં ધકેલેલો અન્નનો કોળિયો આંતરડાં વગેરેમાં પહોંચે નહીં અને વચમાં જ સડયા કરે અથવા યોગ્ય સ્થાનો પર થવા યોગ્ય રાસાયણિક પ્રક્રિયાઓ યોગ્ય રીતે યોગ્ય સમયે ન થાય અને ચયાપચયની ક્રિયા સંપૂર્ણ સંવાદિતાથી ના ચાલે તો પાચકરસો અને સપ્તધાતુઓનું નવનિર્માણ અટકી જાય. પરિણામે શરીર વિવિધ વ્યાધિઓનો શિકાર બની રહે. અશકત પથારીવશ વ્યકિતનું જીવન નીરસ અને નિરર્થક બની રહે.

વૈદ્યકીય વિજ્ઞાન પણ જણાવે છે કે કફ, પિત્ત અને વાયુ એ ત્રણની સમતુલા જળવાય ત્યાં સુધી મનુષ્ય આરોગ્યનો આનંદ માણી શકે, વિવિધ કોષો કે ધાતુઓમાં વિસંવાદ સર્જાય કે તરત નિરામયતા જોખમાય, આમ સંવાદમાંજ શરીરસુખની અને તે દ્વારા અન્ય તમામ સુખાનુભવોની ચાવી રહેલી છે.

કલાના ક્ષેત્રમાં તો સર્જનનો આધાર જ સંવાદિતા છે. દા. ત. કાવ્યમાં કવિએ યોગ્ય શબ્દોની અને અણિશુદ્ધ છંદની પસંદગી કરી હોય, પ્રાસરચના જળવાઇ હોય, કલ્પના

અને અલંકારોનું ઔચિત્ય પણ જળવાયું હોય છતાં એ શક્ય છે કે એ પદાવલિ કવિતાકૃતિ ન બને. પણ પ્રતિભાસંપન્ન કવિ એ સર્વ સામગ્રીમાંથી એવો લયસંવાદ સાધે છે કે જેનાથી એ કૃતિ રસાસ્વાદ્ય બની ભાવકને આનંદની રસલ્હાણ કરે છે. કુશળ નર્તકી પણ અંગોનાં લાવણ્-લાલિત્યભર્યા મરોડ અને મુદ્રાઓના સામંજસ્યથી પ્રેક્ષકના હૃદયમાં રસસંક્રાન્તિ કરે છે. એકલા ઘાટીલા દેહથી કે શુષ્ક Mechanical શાસ્ત્રના જ્ઞાનથી સૌન્દર્યસર્જન થવું શક્ય નથી. શિલ્પી પણ પોતાની પ્રતિભાથી સંવાદ દ્વારા નિષ્પ્રાણ પાષાણમાં પ્રાણ પૂરે છે અને પ્રતિમાને જાણે જીવંત બનાવે છે. કુશળ ચિત્રકાર આડીઅવળી રેખાઓ અને સમુચિત Matching રંગપૂરણી દ્વારા એવા સુસંવાદી સપ્રમાણ સુરેખ ચિત્રનું સર્જન કરે છે કે એનો જોનાર એમાં રસમગ્ન થઈ જાય છે.

એક મિજલસમાં મંચ પર મધ્યમાં એક ગાયિકાબહેન બેઠાં છે. તેમની પાછળ તાનપુરો લઈને બીજા સહાયક કલાકાર બેઠા છે. અર્ધગોળાકારમાં વાદકો તેના વાદ્યો લઈને બેઠા છે, હવે વિચાર કરો કે સારંગી કે દિલરૂબાવાળો જુદા જુદા સ્વરો વહેવડાવે, ફિડલ, બંસી અને બીજા વાદ્યોમાંથી પણ મુખ્ય ગાયિકાની સૂરાવલિથી વિસંવાદી સૂરો જ રેલાય, ક્યાંક શપ્તકનો તો ક્યાંક વાદી-સંવાદીનો ભેદ હોય, અને પેલો તબલચી ડોકું ધૂણાવતો-ઉત્સાહના અતિરેકમાં-ગાયિકાને અનુરૂપ ન હોય એવી રીતે તાલ-થાપ આપે...તો ક્લેશકારક કોલાહલ સિવાય બીજું શું સંભવી શકે ? વધુ મિનિટો એવું બેસૂરું વિસંવાદી વાતાવરણ ચાલ્યા કરે તો શ્રોતાવર્ગ વિદાય લેવા માંડે અથવા તો ધમાલ જ મચી જાય ને ?



તેથી ઉલટું ૧૨ થી ૧૫ તજજ્ઞ કલાકારોનો જૂમલો હોવા છતાં એ સૌના સમન્વિત ગાયન વાદનથી એવો સમરસ સંવાદ સર્જાય કે શ્રોતાવર્ગ બે ઘડી તનમનનું ભાન ભૂલીને સૂરસમાધિના સ્વર્ગીય આનંદમાં નિમગ્ન બની જાય છે.

આપણા જીવનના રોજબરોજના વ્યવહારમાં સંવાદિતા તો કરોડરજ્જુ સમાન છે. કુટુંબમાં કે કુટુંબ બહાર વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના કે વ્યક્તિ અને સમાજ વચ્ચેના પારસ્પરિક સંબંધોમાં જો સ્વભાવની સમતુલા અને સંવાદિતા ન જળવાય તો બધું છિન્નભિન્ન-વેરણછેરણ થઈ જતું હોય છે. કપરી કસોટીની પળોમાં તો માત્ર સંવાદિતા જ મનુષ્યને ઘોર હતાશામાંથી-કદીક આત્મઘાતક વૃત્તિથી-ઉગારી શકે છે.

આધ્યાત્મિક જીવનનો તો પાયો જ સમતા છે. ગીતાકારે તો વ્યાખ્યા જ આપી દીધી કે समत्वं योग उच्यते । શ્રેયોમાર્ગના સાધકનું ધ્યાન આંતરબહિર સંવાદિતા વિના સિદ્ધ થઈ શકતું જ નથી. જેણે સાક્ષાત્કાર અને સમાધિનો ઉદ્દેશ દૃષ્ટિ સમક્ષ રાખ્યો છે તે જ્ઞાનમાર્ગનો મુમુક્ષુ હોય, ભક્તિમાર્ગનો અનુયાયી હોય કે સમાજસેવામાં રચ્યોપચ્યો રહેતો હોઇ અનાસક્ત કર્મમાર્ગનો યાત્રી હોય... પણ તે દરેકને માટે સંવાદિતા અનિવાર્ય થઇ પડે છે, એના સમર્થનમાં હજારો તપસ્વી ભક્તો અને સંતવિભૂતિઓનાં દૃષ્ટાંતો આપણને મળે છે.

સંવાદિતાનો અર્થ સંઘર્ષ કે વિરોધનો અભાવ એવો થતો નથી. મતભેદોથી તો માનસિક અને બૌદ્ધિક વિકાસ સધાય છે એવું પ્રતિપાદન કરનાર આધુનિક માનસશાસ્ત્ર પણ વિરોધો વચ્ચેના સમન્વય માટે અનુરોધ કરે છે, મહર્ષિ અરવિંદે તો સમગ્ર જીવનને જ યોગ કહી તેને Synthesis

of yoga કહ્યો છે. તેમણે એક સ્થળે સરસ કહ્યું છે કેઃ-

"વાદ Thesis કરતાં પ્રતિવાદ Antethesis વધારે સારો પણ જો તે સંવાદ Synthesisમાં પરિણમતો હોય તો. શ્રેષ્ઠ"

એક ચિંતકે પણ બહુ સરસ રીતે કહ્યું છે કેઃ—

"સંઘર્ષને નમી પડે તે શૂદ્ર. સંઘર્ષની સાથે સમાધાન કરે તે વૈશ્ય. સંઘર્ષનો સામનો કરીને એની સાથે યુધ્ધે ચઢે તે ક્ષત્રિય પણ સંઘર્ષમાંથી સંવાદિતા નિપજાવે તે બ્રાહ્મણ."

જીવનની સાર્થકતા બ્રાહ્મણ સ્વરૂપ નિપજાવવામાં છે. અને એનો પાયો સંવાદિતા છે. આપણો ગાયત્રીમંત્ર પણ સહકાર અને સંવાદનો જ પ્રબોધ કરે છે ને!

સત્કાર અને સન્માન સૌ કોઇનું હોઈ શકે છે, પણ સ્વીકારતો ધ્યાનમાં કેવળ ઇષ્ટદેવનોજ જરૂરી છે. તોજ પ્રગતિ શક્ય છે. ઇષ્ટદેવ એટલે પોતાની સ્વતંત્ર ઇચ્છા પ્રમાણેનો દેવ.



# પરમાર્થ પ્રાપ્તિ

ઈશ્વરભાઈ એમ. શાહ

પરમાર્થ પર ઠેર ઠેર પ્રવચનો થાય છે. તે સાંભળી શ્રોતાઓ વાતો કરે છે "વક્તા ઘણા વિદ્વાન છે. પ્રવચન બહુ સુંદર કર્યું." વગેરે વગેરે. પરંતુ શ્રોતાઓને સાંભળવા પુરતી મઝા આવતી હોય છે. પોતે તો તેવાને તેવાજ રહે છે. જીવનમાં કંઇ હેરફેર થતો નથી. આમ કેમ બને છે તે વિચારીએ.

પ્રવચનો સાંભળતાં સાંભળતાં અને શાસ્ત્રો વાંચતાં વાંચતાં જન્મારો વહી જાય છતાં આપણે હતા તેવા રહીએ છીએ. તેનું કારણ અજ્ઞાન. "એમાં વાચ્યું કંઇ અને સમજ્યા કશું. આંખ્યનું કાજલ ગાલે ઘસ્યું." એવું થાય છે. શાસ્ત્રોમાં જે છે તે આપણે બરાબર સમજતા નથી જેથી તેનું કંઈ પરિણામ આવતું નથી. છતાં આપણે પોતાને વિદ્વાન માનીએ છીએ આનું નામ માયા. માયા એટલે જે નહિ તે.

આ માનવજન્મ મુક્તિનું દ્વાર છે. ભગવાને કૃપા કરી મુક્તિ મેળવવા માનવદેહ આપ્યો. માનવદેહ મળ્યો એજ મુક્તિ માટેની આપણી યોગ્યતા. આ સિવાયની કોઈ કલ્પના ધરવી તે ભ્રમણાજ છે માયા છે.

અમે અજ્ઞાની છીએ. અમારામાં બુદ્ધિ નથી. મહાપાપી છીએ. સંસારમાં રચ્યાપચ્યા રહીએ છીએ. વખત મળતો નથી. જે કંઇ થાય તે આવતા જન્મમાં.' એમ બુમરાણ કરીએ છીએ. આનુંજ નામ માયા.

જીવ તો અજ્ઞાનીજ છે અને તેનાથી પાપ થાય એમાં નવાઈ નથી. આપણે એવા છીએ છતાં પરમકૃપાળુ માતાપિતા ભગવાને તેમાંથી રસ્તો કાઢ્યો છે.

ભગવાનનું એક નામ "સુચિશ્રવા" છે. પવિત્રજ સાંભળનાર પિતા તો કોઇ દુષ્ટ પુત્ર ખરાબ કાર્ય કરે તેની ફરિયાદ તેના પિતા આગળ કોઇ કહે તો તેને નવાઈ લાગશે નહિ, પરંતુ તેજ દુષ્ટ પુત્રના કોઈ સારા કામની વાત કહે તો તે વાત તેના પિતાના મનમાં નોંધાઇ જશે. તેવીજ રીતે ભગવાન આપણા દોષો જોતો નથી. પરંતુ આપણે જે સત્કર્મ કરીએ છીએ તે ભગવાનના મનમાં સ્વાભાવિક રીતે નોંધાઇ જાય છે. તેથીજ ભગવાનને "સુચશ્રવા" કહ્યા છે.

રામદાસ મહારાજે પોતાના ગ્રંથ "દાસબોધ" માં કહ્યું છે કે આ જન્મમાંજ અને અત્યારેજ સંસારી મુક્ત થઇ શકે છે. તુકારામ મહારાજ કહે છે કે હે માનવ તું આ જન્મમાંજ મુક્તિ પ્રાપ્ત કરી લે." મદાલસા પોતાના બાળકને જન્મથીજ ઉપદેશ આપતી અને તે બાળક સંસાર છોડી મુક્તિના માર્ગે જતો. આ ઉપરથી ફલિત થાય છે કે માનવ આ જન્મમાંજ મુક્ત થઇ શકે છે. જીવનમુક્ત એટલે જીવતાંજ મુક્તિ. મરણ પછી મુક્તિ છે એમ નહિ.

કોઇ માણસ કાદવમાં ફસાયેલો હોય અને નીકળવા જેમ જેમ પ્રયત્ન કરે તેમ તેમ બહાર નીકળવાને બદલે કાદવમાં વધુ ને વધુ ખૂંપતો જાય છે. તેમ માયારૂપી સંસારમાં કાદવમાંથી નીકળવાનો માનવ જે જે ઉપાય કરે છે તે બધા અવળા નીવડે છે અને તે માયામાં વધુ ને વધુ ફસાય છે. પરંતુ જો કાદવમાં ફસાયેલ માણસ બહાર રહેલાનું શરણુ લઇ પોતાનો હાથ તેને સોંપે તો તે સહેલાઈથી બહાર નીકળી શકે છે. તેમ માણસ પોતાનાં સાધનો છોડી માયાથી પર એવા સદ્ગુરૂ અથવા ભગવાનનું શરણું સ્વીકારે તો તેની મુક્તિ સરળ બની જાય છે.



પ્રકાશ આપવો એ સૂર્યનો સ્વભાવ છે. તેમ કૃપા કરવી એ ભગવાનનો સ્વભાવ છે. સૂર્યની નિંદા કરનારને પણ તે પ્રકાશ આપે જ છે, તેમ પાપી ઉપર પણ ભગવાન કૃપા કરે છે. કોઈ શંકા કરે કે મનુષ્ય માત્રને પોતાના કરેલાં કર્મોનાં ફળ ભોગવવાંજ પડે છે એટલે તેમાં ભગવાનની કૃપા શું કરી શકે? એક બાળક પિતાનો હાથ પકડી બજારમાં જાય છે. રસ્તામાં મોટર, ગાડી, સાયકલ વગેરે સામેથી આવે તો બાળકને તેનો ભય નથી. કેમ કે તે પિતાની સાથે છે. પરતું રસ્તામાં કંઈક લોભવનારી વસ્તુ જુએ અને તે તે વસ્તુ લેવા જાય ત્યારે બાપનો હાથ છૂટી જાય છે. સામેથી આવતી સાયકલની અડફેટમાં આવીને પડી જાય છે. પિતા બાળકને ઉઠાડે છે અને વાગેલાં ભાગ ઉપર પાટો બાંધે છે. અહીં બાળકને કર્મનું ફળ ભોગવવું પડ્યું પરતું દયાળું પિતા તેની સંભાળ લે છે. એવી રીતે જીવ વિષયોમાં લલચાઇ અવળું કામ કરી બેસે છે, તેનું ફળ ભોગવે છે, છતાં કૃપાળુ ભગવાન તેની સંભાળ લે છે જ.

ભગવાનની કૃપા પ્રત્યેક ક્ષણે હોય છે. આ કૃપા સ્વાભાવિક, સહજ, અકારણ અને નિરપેક્ષ હોય છે. આ કૃપા મેળવવા માટે આપણે કાંઇ પણ કરવું જ જોઇએ એવું નથી. આપણાથી કાંઇ ખોટું થઈ જાય તેનું ફળ આપણે ભોગવવું તો પડે જ છતાં ભગવાન આપણા ઉપર કૃપા કરી આપણી સંભાળ રાખે જ છે.

પરમાર્થ આટલો સરળ હોવા છતાં લોકોને અતિશય કઠણ કેમ લાગે છે તેનું કારણ શોધતાં પરમાત્મપ્રાપ્તિ અતિશય અઘરી છે તેનું ભુત માણસના મનમાં ભરાઇ ગયું છે. તેથી ને બધે જ અઘરું અઘરું દેખે છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.

મુક્તિ મેળવવી સરળ છે એ બાબત ઉપર એમની બુદ્ધિ ઝુકતી જ નથી. ઉપર જોઇ ગયા તેમ અજ્ઞાની જીવ માટે સ્વપ્રયત્ને મુક્તિ પ્રાપ્તિ અતિશય અઘરી છે. પરંતુ કૃપાળુ એવા ભગવાનની સહાયથી અતિ સરળ છે એમાં શંકા નથી. તેથી એકવાર આપણી ભાવના બદલાય તે પછી મુક્તિ પ્રાપ્ત કરવી સરળ છે.

ટૂંકમાં મનુષ્ય જન્મ ફરી ફરી મળવાનું કંઇ ચોક્કસપણું નથી મૃત્યુ કયારે આવશે તે નકકી નથી. તો આ અમૂલ્ય તક ન ગુમાવતાં અત્યારથી જ ભગવાનની ભક્તિ જે સહજ અને સ્વાભાવિક છે તેનો પ્રારંભ કરી આ જન્મ સાર્થક કરવો એ પહેલું કર્તવ્ય છે. વ્યવહારની ચિંતા કરવાની જરૂર નથી. તે તો પ્રારબ્ધ મુજબ નકકી થએલો છે અને થઇને જ રહેશે.

---

૧ મનુષ્યજન્મ સુદુર્લભ છે તે ફરીને મળશે એવી આશા રાખી આવતા જન્મે પરમાર્થ સાધન કરીશું એમ માનવું એ ભ્રમણા છે.

૨ મહાપાપી અને સંસારમાં ફસાએલાને પણ મુક્તિ મળી શકે એમ છે જ.

૩ બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ દ્વારા બરાબર સમજીને વર્તીએ તો અઘરો જણાતો પરમાર્થ પણ સરળ બને છે.

૪ ભગવાન માતાપિતા છે. આપણે એમના શરણે રહીએ તો આપણો ઉદ્ધાર ચોક્કસ છે. ભગવાનની કૃપા સ્વાભાવિક, સહજ, અકારણ અને નિરપેક્ષી છે.

૫ પરમાર્થ પ્રાપ્તિ એ પ્રથમ કર્તવ્ય છે. વ્યવહારની ચિંતા કરવાની જરૂર નથી. એ તો પ્રારબ્ધ મુજબ નિયત થએલ છે તેથી તે થઇને જ રહેશે.

---



# સ્થિરતા અથવા એકાગ્રતા

શ્રી યોગેશ્વરજી

પ્રશ્નઃ-જપ કે ધ્યાન કરતી વખતે મન સહેલાઈથી એકાગ્ર અથવા સ્થિર નથી થતું તેનું કારણ શું હોઈ શકે?

ઉત્તરઃ-એનાં અન્ય અનેક કારણો હોઈ શકે, પરંતુ સૌમાં મુખ્ય મધ્યવર્તી કારણ તો પરમાત્માને માટે પ્રેમભાવનો અભાવ છે. આપણે જગતમાં જોઇએ છીએ કે જેને જે પદાર્થોમાં કે વિષયવિશેષમાં પ્રેમ હોય છે, તેમાં તેનું મન અનાયાસે સહેલાઇથી સ્થિર અથવા એકાગ્ર થઈ જાય છે. ચિત્રકારને ચિત્રકળામાં અસાધારણ અભિરૂચિ હોય છે. તે જ્યારે ચિત્રને દોરવા બેસે છે ત્યારે એમાં લીન બનીને બહારનું બધું જ ભૂલી જાય છે. સંગીતકાર સંગીતના સમારોહમાં સ્વર્ગ સુખને અનુભવીને એક પ્રકારની રસ સમાધિમાં પ્રવેશે છે. સીનેમા જોનાર રસિક વ્યક્તિને ત્રણેક કલાક ક્યાં પસાર થઈ જાય છે, તેની ખબર પણ નથી પડતી. કોઈક મનપસંદ પુસ્તકને વાંચતી વખતે વાંચનાર તો એટલો તો ડૂબી જાય છે, એની સાથે એવો તો તન્મય થઈ જાય છે કે એને બાહ્ય વિષયોનું, દેશકાળનું-વિસ્મરણ થાય છે. વાંચન વિનાની બીજી કોઇ વસ્તુનો ખ્યાલ જ નથી રહેતો. તેવી રીતે પરમાત્મા પ્રત્યે પ્રેમ પ્રગટે ને તે પ્રેમ ઉત્તરોત્તર પ્રબળ બને તો જપ કે ધ્યાન કરતી વખતે મન એની સાથે ઓતપ્રોત બની જાય છે. અને બીજા બધા જ વિષયો કે રસોને આપોઆપ જ છોડી દે છે. એ એમાં ડૂબી જાય. એટલે જપ અને ધ્યાનની સાધનાની સાથે પરમાત્માના પ્રેમને પ્રબળ બનાવવાની આવશ્યકતા છે.

પ્રશ્નઃ-પરમાત્માના પ્રેમને બળવાન બનાવવા માટે શું કરવું ?

ઉત્તરઃ-પ્રાર્થના કરવી જોઈએ. પ્રભુ પાસે પ્રાર્થના દ્વારા પવિત્ર પ્રેમની માંગણી કરવી જોઈએ. પ્રભુ પ્રેમના પવિત્ર પંથે પ્રયાણ કરનારા પુરુષોનો સંગ કરવો જોઇએ. ભકતોના જીવન-વૃત્તાંતોને વાંચવાં, વિચારવાં કે સાંભળવાં જોઇએ. સંસારની નશ્વરતાનો વિચાર કરીને નિત્યપદાર્થ પરમાત્માને પામવાનો નિર્ધાર કરવો જોઇએ. નિયમીત રીતે નામજપ કે ધ્યાનની સાધના તો કરવી જ જોઇએ. એમ કરવાથી પરમાત્માનો પ્રેમ પ્રગટે છે ને પ્રગટેલો પ્રેમ બળવાન બને છે.

પ્રશ્નઃ—મન સ્થિર અથવા એકાગ્ર ન થાય તો જપ ધ્યાનનો લાભ મળે ?

ઉત્તરઃ—જરૂર મળે. જે કાંઈ કરવામાં આવે છે તે નકામુ તો જતુ જ નથી. થોડીક પણ શાંતિ અને પ્રસન્નતાને અનુભવાય. પરંતુ સ્થિર અથવા એકાગ્ર મનથી થયેલી સાધના વધારે લાભ પહોંચાડે તથા ફળ આપે છે. માટે મનને સ્થિર કરવાનો વિચાર તથા પ્રયત્ન તો કરવો જ.



# અંગત અનુભૂતિ : શ્રધ્ધા

ભુપતરાય મો. ઠાકર 'ઉપાસક'

શ્રદ્ધા વ્યક્તિની ખાનગી સંપત્તિ છે. ખજાનો છે. અનુભવો પણ વ્યક્તિના અંગત હોય છે. ઇશ્વર વિશેની માન્યતા ઇશ્વરની ઓળખાણ પણ વ્યકિતની પોતીકી અનુભૂતિ છે. 'શ્રદ્ધાના પાઠ કોઇને ભણાવી શકાતા નથી, વારસાગત સંસ્કારથી સંમાર્જિત થયેલ, વિદ્યાજ્ઞાનથી વ્યવસ્થિત થયેલ અને અનુભવથી માણેલ તત્વ જ શ્રદ્ધા છે. શ્રદ્ધા હૃદયની એક લાગણી છે.

શ્રદ્ધા શબ્દનો શબ્દકોષમાં કાંઈપણ અર્થ હોઈ શકે કિન્તુ તે 'ભાવવાચક' નામ છે. ભાવસૃષ્ટિનો અંશ અને અનુભવનો અર્ક છે. બુધ્ધિથી સ્વીકારેલા, હૃદયથી માણેલા, વિવેકથી વિચારેલા બળનું નામ છે. શ્રદ્ધા અજબ પ્રેરણા બળ છે. બુદ્ધિશાળી માનવીના જીવનમાં જ શ્રદ્ધાનું સ્થાન અને મહત્વ રહેલા છે. માનવેત્તર પ્રાણીમાં શ્રદ્ધા છે જ નહીં.

શ્રદ્ધા વ્યકિતને પ્રેરણા આપે છે, કર્તવ્ય કરવાની ફરજ પાડે છે, કર્મના ફળની સાત્વિકતા સમજાવે છે. અર્જુનની શ્રદ્ધા તેને કર્તવ્યભ્રષ્ટ થતો અટકાવે છે. શ્રધ્ધા માણસને કયારેય પણ 'કિં કર્તવ્ય મૂઢ' બનાવતી નથી, આળસુ અને સ્વપ્નિલ બનાવતી નથી. શ્રધ્ધા ભાગ્યાધિન રહેવાની નિર્બળતા આપતી નથી. શ્રધ્ધા હંમેશા સાવધાન રાખે છે.-જાગૃત-ઉત્સાહી રાખે છે.

હૃદયની ભાવના અને બુદ્ધિનો સમન્વય સધાય તો જ

શ્રધ્ધા ફળદાયી નિવડે છે. શ્રધ્ધા સમભાવ અને સદ્ભાવ શીખવે છે સમગ્ર સમષ્ટિની મિત્રતા અને પોતાપણું શીખવે છે. શ્રધ્ધામાં અખિલાઈ–સમગ્રતા છે. શ્રધ્ધા અતિ સૂક્ષ્મ અને નાજુક છતાં અતિ શક્તિશાળી ભાવના છે. હિમાલય-ખડકતા અને ગંગાની પવિત્રતા શ્રદ્ધામાં રહેલી છે.

'મેરુ રે ડગે જેના મનડા ડગે નહીં પાનબાઈ...'

શ્રદ્ધાથી આત્મશક્તિ પ્રગટે છે, સાહસ જન્મે છે, વિશ્વાસ કેળવાય છે, કર્મ કરવાની શક્તિ મળે છે. શરીરબળ કરતા આત્મશક્તિ વધુ વિશ્વસનીય છે. શ્રદ્ધામાં એકાગ્રતા ભળે તો તેની શક્તિ અનહદ વધી જાય છે. દિવાલને તોડવાની કે પહાડને ડગાવાની શક્તિ શ્રદ્ધામાં છે જ. શ્રદ્ધામાંથી પ્રેમનું પ્રાગટ્ય થાય છે જે 'પ્રેમલક્ષણા' ભક્તિ છે.

શ્રદ્ધા બંધિયાર ખાબોચિયું નથી, વહેતું નિર્મળ ઝરણું છે. શ્રદ્ધામાં ભાષાનો, ધર્મનો, જાતિનો, રંગનો ભેદ નથી તે તો બધાથી પર છે. શ્રદ્ધામાં વિશાળતા છે, ઉદારતા છે. શ્રદ્ધા વિશ્વકલ્યાણની ભાવનાને પોષે છે. 'સર્વદા સૌ સુખી થાઓ' ની–'વિશ્વ બંધુત્વ' ની લાગણી જગાડે છે.

શ્રદ્ધાને દલીલોના ખડકલાથી સમજી શકાતી નથી. બુદ્ધિની ફૂટપટ્ટીથી માપી શકાતી નથી, હૃદયની ભાવનાથી ભોગવી શકાય છે. શ્રદ્ધા મસ્તક સર્જિત નથી હૃદય નિર્મિત તત્ત્વ છે. શ્રદ્ધા પ્રયોગશાળામાં અવલોકી શકાતી નથી તે તો પ્રકૃતિની આગવી દેણગી છે.

શ્રદ્ધા હૃદયની ઉપજ છે, બુદ્ધિની પેલેપારનું સત્ય છે. જીવનનું રસાયણ અને સ્વયંભૂ સત્ય છે. શ્રદ્ધા ઘણું મોંઘેરું–મૂલ્યવાન તત્ત્વ છે.



# કેવળ પદ્ધતિથી સત્ય મળતું નથી

મણિભાઈ ર. દવે

આપણું મન કોઈ પણ બનાવ જુએ છે ત્યારે તુરત જ પ્રશ્ન ઉપસ્થિત કરે છે–તે શાથી બન્યો. અને શી રીતે બન્યો કારણ કે મન કાર્ય–કારણની દુનિયામાં જીવે છે. સ્થૂળ જગતમાં સર્વત્ર દરેક બનાવનું કારણ અને તે બન્યાની રીત અગર પદ્ધતિ હોય છે. મનને તેની રીત જાણી લેવાની ઇન્તેજારી હોય છે કે જેથી તે પ્રમાણે કરવાથી તેનું પરિણામ ફરી પ્રાપ્ત કરી શકાય. આપણાં બધા કામો અનુકરણથી થતાં હોય છે. એટલે તેની પદ્ધતિ જાણીએ તો તે મુજબ અનુકરણ કરી શકાય. મનને અનુકરણ કરવાની ટેવ હોય છે. એટલે તે હંમેશા દરેક બાબતમાં "શી રીતે" (How) પૂછીને Method જાણવા માગે છે. સ્થૂળ જગતમાં દરેક બનાવ માટે રીત બતાવી શકાય. સાયન્સના આવિષ્કારો માટે પણ પદ્ધતિ બતાવી તેને સમજાવી શકાય. આપણા દેહની બાબતમાં પણ આપણે કોઈને આસન અગર પ્રાણાયામ કેમ કરવો તેની રીતો બતાવી શકીએ. બાહ્યાચારને બતાવી શકાય અને તેની પદ્ધતિ પણ હોય પરંતુ માનવ-જીવન જે આ દેહમાં પુરાયું છે તે એકલો દેહજ નથી તેમાં પ્રાણ, મન અને આત્મા પણ છે. એટલે પ્રાણ, મન, આત્મા સંબંધમાં રીત પૂછવી નિરર્થક છે. તમે કોઈની રીત પૂછીને ઈચ્છા કરતા નથી. અગર કોઈના મનની રીત પૂછીને વિચાર કરતા નથી. પાણીમાં ગતિશીલતા અને પ્રવાહીપણું હોવાથી તેની સ્વતંત્રતામાં તે કોઈ રીત અગર પદ્ધતિ સ્વીકારતું નથી. પાણીનું ઝરણું કેવી રીતે અને કયાં ગતિ કરશે તે પણ તેના ઉપર છોડી દેવું પડે છે. તે પાણીની જીવંતતા છે. કોઈ પણ

અવરોધ તે સાંખી લેતું નથી. પરંતુ ગતિ બદલીને વાંકો–ચૂકો પ્રવાહ કરીને પણ તે પોતાની સ્વતંત્રતા જાળવી લ્યે છે. એક પ્રવાહી તત્ત્વમાં પણ આટલી ખુમારી છે. કોઈ પણ નદીનો પ્રવાહ જુઓ. તેના માટે કોઈ પદ્ધતિ યોજી શકાય નહીં કે ભવિષ્ય પણ ભાખી શકાય નહીં કે નદી આમ જ જશે. આ પ્રવાહી તત્ત્વને પોતાની આગવી સૂઝ ઉપર છોડી દેવું પડે છે. અરે, આપણા શરીરની પણ સૂઝ હોય છે. શરીર ઉપર માખી બેસતાં ચામડીની ધ્રુજારીથી પોતાની નારાજગી વ્યકત કરે છે. આંખનું પોપચું બંધ થઈ જઈ ડોળાનો બચાવ કરે છે. તે ઉપરથી જણાય છે કે શરીરના સંવેદનશીલ અવયવોમાં પોતાની આગવીજ સમજ અગર બુદ્ધિ છે. શરીરમાં પણ બુદ્ધિનું પ્રવાહીપણું છે. એટલે તેની રીત બતાવી અનુકરણ કરી શકાતું નથી. દરેક વ્યકિતની નીજતા છે, એટલે એકસરખાપણાનો ઢાળ આપી સમજવાનો પ્રયત્ન નકામો છે. છતાં આપણે દરેક વસ્તુને કેવી રીતે પૂછીને પદ્ધતિ બનાવી એક બીજાનું અનુકરણ કરીએ છીએ તે ખોટી દિશાની મુસાફરી નથી ? જીવનના અનુભવને પદ્ધતિના પાંજરામાં પૂરી શકાય નહીં. છતાં આપણું મન "કેવી રીતે" પૂછી રીત જાણવા માગે છે. અને આપણે જાણીએ છીએ કે અનુભવ વ્યકત કરી શકાય તેવો નથી, છતાં વ્યકત કરીએ છીએ અને તે અગત્યનો હોય તો તેની રીત બતાવી સમજાવવા પ્રયત્ન પણ કરીએ છીએ. આધ્યાત્મિક અનુભવો સમજાવવા જે રીતો અખત્યાર કરી તેમાં કર્મ, ભકિત અને જ્ઞાનની પદ્ધતિઓ અસ્તિત્વમાં આવી છે. જીવનની સમગ્રતા આ ત્રણે પદ્ધતિઓને પોતાનામાં સમાવી લ્યે છે. ઉપરાંત તે કશુંક છે જે કહેવાય અગર પદ્ધતિમાં મૂકાય તેવું નથી–તેજ જીવનની અલૌકિકતા છે.

આપણે મનવાળા હોવાથી સમગ્રતાને એક સાથે સમજી



શકતા નથી. મન પૃથકકરણની રીતે જ સમજે છે. કર્મ, ભક્તિ અને જ્ઞાનના સંયુક્ત દેહમાં પણ ભેદ પાડવાનું કામ મન કરે છે.

આપણે ગીતાને લઈએ–ગીતા એ જીવનની સમગ્રતાનો ગ્રંથ છે. ઉપનિષદોના દોહનરૂપે શ્રીભગવાને અર્જુનને જીવનનાં બધા પાસાંઓનું ઉર્ધ્વીકરણ કરવાનું પ્રબોધ્યું છે. તમાં દરેકની તેના યથાસ્થાને મહત્તા બતાવવાનું એક કારણ કે કોઈને તમારે ઓછાવત્તા ગણવાના નથી. કર્મ, કર્મને સ્થાને ભકિત ભકિતને સ્થાને, યોગ યોગને સ્થાને અને જ્ઞાન જ્ઞાનને સ્થાને શ્રેષ્ઠ છે. બધાની મહત્તા સરખી ગાઈ છે. હવે આપણું મન જે અભિરૂચિવાળું હોય તે આપણને વધુ ગમે. એટલે કોઈકે ગીતાને કર્મયોગનો ગ્રંથ કહી પોતાની રૂચિનું સમર્થન મેળવ્યું. ભકિતવાળા હૃદયના આચાર્યોએ તેને ભકિતનો ગ્રંથ ગણી તેના ઉપર ટીકા લખી; અને શ્રીમદ્ શંકરાચાર્યે તેની જ્ઞાનના ગ્રંથ તરીકે ટીકા લખી. હવે આપણે જીવન તરફ જોઈશું તો તેમાં કર્મ પણ છે, ભાવ પણ છે અને સમજણ પણ છે. આમાંથી આપણે કયા વિના એક પળ પણ જીવી શકીએ તેમ છીએ ? છતાં આપણા મનનું અજ્ઞાન તો જુઓ !–ઠેકઠેકાણે વિદ્વાનો આ ત્રણે અંગોને જુદાં સમજી ઝગડતા જોવામાં આવે છે. તે પ્રતીતિ કરાવે છે કે તેઓ હજી મનના પંજરામાં પુરાયેલા છે–અને પોતાની એકપક્ષી રૂચિને કારણે તે સમગ્રને સમજી શકતા નથી. જીવન અને અધ્યાત્મ જુદાં નથી–જીવનનું સમગ્ર દર્શન, તેજ અધ્યાત્મ–તેમાં બધાનો યથાસ્થાને ઉપયોગ કરવાનો છે.

આપણું મન પદ્ધતિની રીતે બધું જાણવા માગે છે. કોઈ પણ વાત સાંભળતાં તુરત જ પૂછે છે કે આ કેવી રીતે !

પદ્ધતિ પૂછવામાં તેનો હેતુ એવો હોય છે કે હું તે પ્રમાણે અનુકરણ કરું. સત્ય પામવા સબંધમાં પદ્ધતિની રીતે ગતિ કરવી, તે સત્યના દ્વાર બંધ થવા દેવાની સંમતિ આપ્યા બરાબર છે. આપણે જોયું કે જળ જેવું પ્રવાહી પણ ચોગઠા-માં પૂરાવા માગતું નથી અને વાંકીચૂંકી ગતિ કરી પોતાની સ્વતંત્રતા જાહેર કરે છે. તો સત્ય કે જે સૂક્ષ્માતિસૂક્ષ્મ તમારું સ્વરૂપ છે તેને જાણવા માટે કોઇ પદ્ધતિની તમે માગણી કરો, ત્યારે તમારે ચોક્કસ જાણવું કે હજુ અહંકાર તમને તેની માયાવીજાળમાં રખડાવવા માગે છે. આ તો સત્ય પામવા માટેનો પ્રયાસ છે. ત્યાં પણ મન પદ્ધતિની માગણી કરી કેવું ટકી રહેવા માગે છે! શ્રીકૃષ્ણમૂર્તિ જીવન સબંધી કોઇ વાત કરતા હોય ત્યારે, સાધક અધીરો થઈ પૂછે કે તમે કહ્યું તે કેવી રીતે થાય? આ કેવી રીતે પૂછનારને તેઓ કહેતા કે તમારે આ પૂછીને પદ્ધતિ બનાવવી છે? Don't ask me how and don't go for meihod જેને સત્ય મળ્યું છે તેણે જ્યારે બધી પદ્ધતિઓ છોડી દીધી છે ત્યારે જ મળ્યું છે. પદ્ધતિનો પણ અહંકાર બંધાય છે. પદ્ધતિનો ત્યાગ સહજતામાં પરિણમે છે. ત્યાં સત્યનો નિવાસ છે.

જેને જે સ્થિતિમાં સત્ય દર્શન થયું છે તે સ્થિતિને તમે સત્ય પામવા માટે રીત અગર પદ્ધતિ બનાવો તો તમે રખડી પડો. દરેકનાં મન અને વાસનાનાં બંધારણ અલગ એટલે અદ્વિતીય હોય છે અને તેને પોતાની આગવી રીતે સમજીને તેમાંથી છૂટવાનું છે. તમારી રીત બીજાને કશા કામની નથી. બીજો પોતાની સાધના દરમ્યાન પોતાની રીત બનાવી સત્ય પામશે. સમજની રીત ના હોઈ શકે.



# પ્રકાશના પંથે

## યોગેશ્વરજીની આત્મકથા

સંક્ષેપ–દીપક પ્ર મહેતા.

### કુંડલિનીનો ઉત્તમ અનુભવ

વેદબંધુનો અનુભવ ખરે અદ્દભુત હતો. જેમને સાધના-માં શ્રદ્ધા, તેના મર્મની સમજ કે જેમનું જીવન સાધનામય નથી, તેમને માટે એવા અનુભવો માનવા ને સમજવાનું કઠિન થશે. પરંતુ જેઓ પ્રામાણિક, પવિત્ર ને પ્રભુપરાયણ છે તેઓ એને સહેલાઇથી સમજી શકશે. મારા જીવનમાં આવી જાતના અનુભવ એક યા બીજા સ્વરૂપમાં થઇ ચૂકેલા, તેથી તે સમજવાનું મુશ્કેલ ન હતું.

વેદબંધુને વ્યાસનું દર્શન થયું કે દત્તાત્રયનું તેની મને બરાબર સ્મૃતિ નથી. પણ તે શાંતિદાયક હતું, તેમાં સંદેહ નથી.

તેમને થયેલા અનુભવનો વિચાર કરવાથી એક બે પ્રશ્નો ઉઠવાનો સંભવ છે. તેમને મળેલી માહિતી મુજબ તેઓ શંકરાચાર્યના શિષ્ય પદ્મપાદાચાર્યના શિષ્ય હોય તો તેમને વર્તમાન શરીર ધારણ કર્યા પહેલાંનો હજારથી પણ વધારે વરસોનો ગાળો તેમણે કયાં ને કેવી રીતે પસાર કર્યો હશે! આનો જવાબ ગીતાના છઠ્ઠા અધ્યાયમાંથી મળે છે. યોગભ્રષ્ટ પુરુષ તરીકે તેઓ કોઈ પુણ્યવાન લોકોમાં એટલો વખત રહ્યા હશે, એમ માનવામાં હરકત નથી. એ માન્યતા શાસ્ત્રીય છે. આપણા શાસ્ત્રોમાં મૃત્યુલોક સિવાયના લોકોનું વર્ણન આવે છેજ.

વેદબંધુને મળેલા અનુભવ પરથી વિચાર કરતાં જણાય છે કે સુવર્ણની ચોરીમાં મદદરૂપ થવા માટે એમને હજાર જેટલાં વર્ષો પછી પણ પોતાના અપરાધનું પ્રાયશ્ચિત્ત કરવા માટે જન્મ લેવા પડયો. એટલે માણસ જે સત્કર્મ કે દુષ્કર્મ કરે, તેનું ફળ તેને વહેલું મોડું મળે છેજ. વળી પદ્મપાદાચાર્યનો શિષ્ય કોઇ સાધારણ તો હોય જ નહિ. તે જ્ઞાન ને સાધનાપરાયણ શ્રેણીનો હોવો જોઇએ. છતાં, તેને ફરી જન્મ ધારણ કરીને અશાંતિ ભોગવવી પડી. તો જે માણસો હાલતાં ચાલતાં ખોટું કરે છે, ચોરી, જૂઠ, કપટ, દંભ, જુગાર, વ્યભિચાર ને ખૂનનો આશ્રય લે છે, એમનો ઉદ્ધાર તો કયારે થશે ! એમને કેટકેટલો દંડ ભોગવવો પડશે ! તેની કલ્પના પણ કરી શકાતી નથી. એથી માણસે દુષ્કર્મ ને પાપથી બચવા કોશિષ કરવી જોઇએ.

આત્મોન્નતિ ને ઇશ્વિર દર્શનની ઇચ્છાવાળા સાધકોએ તો આ વાત ખાસ યાદ રાખવાની છે. તેમણે મન, વચન ને કર્મથી પવિત્ર થઇને પવિત્ર કર્મો કરવાની ટેવ પાડવાની છે. તો જ એમની સાધના ફળદાયી બનશે. જે જીવન વહી ગયું છે, તે તો ફરી આવવાનું નથી. પરંતુ બાકી શેષ રહેલું જીવન સુધારી લેવાનું એમના હાથમાં છે. તેથી મોટો લાભ થશે.

ટિહરીના નિવાસ દરમ્યાન મને અનેક અનુભવ થતાં તે વખતે મારૂં વલણ વધારે ભાગે યોગ તરફ હતું. એટલે ધ્યાન ને સમાધિ તરફ મારૂં ધ્યાન વધારે રહેતું. રાતે વધારે ભાગે હું બેસી રહેતો, ધ્યાનમાં શરીરભાન ભૂલાઈ જતું. તેમાં જે આરામ મળતો તે પૂરતો થઇ પડતો. બહુ બેસી રહેવાથી પગ દુઃખવા માંડતા તો થોડીવાર લાંબા કરી, રાહત મેળવી લેતો. આજે મને લાગે છે કે રાતનો શાંત સમય સાધના માટે



સર્વોત્તમ સમય છે. તે વખતે કુદરતી શાંતિ મનને એકાગ્ર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

તે વખતે મને થતા જુદા જુદા અનુભવોનો ઉલ્લેખ, પરસ્પરના પ્રેમને લીધે, વેદબંધુ પાસે હું કર્યા કરતો. વેદબંધુ ભારતના કેટલાય ગુપ્ત ને પ્રકટ સંત મહાત્માઓના સમાગમમાં આવેલી. તેમણે જે પાંચ છ ઉચ્ચ કોટિના જીવનમુક્ત મહાપુરુષો જોયેલા તેમાં રમણમહર્ષિનો સમાવેશ કરતા. મારી નાની ઉમ્મર હોવાથી, મારા ઉપર તેઓ ખાસ પ્રેમ રાખતા.

તે દિવસોમાં મને એક વિશેષ ઉલ્લેખનીય અનુભવ થયો. હું એક રાતે ધ્યાનમાં બેઠેલો. મધરાત પછી ધ્યાનમાં આનંદ આવવા માંડ્યો ને એકાગ્રતા વધતી ગઇ. થોડી વાર પછી શરીર ભાન ભૂલાઈ ગયું. સમાધિદશાના અનુભવની શરૂઆત થઇ. તેમાં મને હજારો દીવા એકીસાથે પ્રકટવાથી જેવો પ્રકાશ થાય તેવો પ્રકાશ દેખાવા માંડ્યો. તે પ્રકાશમાં મને કરોડરજ્જુની અંદરનો ભાગ દેખાવા માંડ્યો, ને તેના નીચેના ભાગથી કોઇ સૂક્ષ્મ શક્તિતત્ત્વ ધીરે ધીરે ઉપર ચઢી રહ્યું છે. મને થયું આ જ કુંડલિની. યોગના ગ્રંથોમાં જેનું વર્ણન આવે છે તે જ. ધીમે ધીમે તે ઉપર ચઢી મારા હૃદય અને પછી કંઠપ્રદેશ સુધી આવી પહોંચી. તે પછી ને ભ્રૂમધ્ય તરફ આવવા લાગી. તે વખતે મને શરીરનું ભાન ન હતું, પરંતુ સૂક્ષ્મતર સ્વરૂપમાં જાગ્રત રહેલું મન આ બધું અનુભવી રહેલું. તે શક્તિના ઉપર ચઢવા સાથે મારું મન પ્રકાશના વમળમાં ગોળ ગોળ રથના પૈડાની જેમ, ધીરે ધીરે ફરતું. તેથી મને આનંદ અને અજાયબી બન્નેનો અનુભવ થતો. આ અનુભવ મારે માટે નવો હતો. એટલે એ પ્રમાણે ફરતું ફરતું મન કયાં જશે ને શરીરનું શું થશે, એ વિચારે થોડો ભય

પણ થતો. એ વખતે હૃદયના ધબકારા ધીરે ધીરે ઓછા થતા જતા એવો બીજો અનુભવ પણ મને થઈ રહ્યો. એ ધબકારા એકદમ શાંત પડી જવાની તૈયારીમાં હતા. નિર્વિકલ્પ સમાધિમાં હૃદયના ધબકારા બંધ થઇ જાય છે, એનો મને પ્રત્યક્ષપણે અનુભવ થઇ રહ્યો. એ આખોય અનુભવ ઓચિંતો હોવાથી મને સંકોચ ને ભય બન્ને થતો હતો. એ અવસ્થા કેટલો વખત રહી તેનું સૂક્ષ્મભાન પણ ન રહ્યું. મન જાણે કે મરી ગયું.

મારી આંખ ઉઘડી ત્યારે સવાર થઇ ગયેલું. વેદબંધુ મારા ખંડની બહાર રાહ જોઇને ઉભેલા. હું બહાર નીકળ્યો એટલે બોલ્યા "અરે, આટલું બધું મોડું ? કેટલા વખતથી રાહ જોઉં છું. તમારા મુખ પર પ્રકાશ ને આનંદ છે. તમને કોઈ ઉત્તમ અનુભવ થયો હોવો જોઇએ."

મેં તેમને મારા અલૌકિક અનુભવની વાત કહી. તે ખૂબ પ્રસન્ન થયા ને પ્રેમથી ભેટી પડ્યા "ધન્ય છે તમને ! તમારા ઉપર પ્રભુની પરમકૃપા છે."

કુંડલિનીનો આવો અનુભવ શ્રીરામકૃષ્ણદેવના જીવનચરિત્રમાં આવે છે. તેઓશ્રીની સરખામણીમાં મારી સાધના છેક સાધારણ છે. છતાં ઈશ્વરની કૃપા વિના મને આવો અનુભવ ભાગ્યેજ થઇ શકયો હોત. (ક્રમશઃ)



# લોમ અનુલોમ

મણિભાઈ શાહ

યોગમાં પ્રાણાયામનું ઘણું મહત્ત્વ છે. શ્રી રમણ મહર્ષિએ મનોબળ વધારવા માટે પ્રાણાયામની ભલામણ કરેલ છે પરંતુ પ્રાણાયામ પહેલાં પ્રાણની શુદ્ધિની જરૂર છે. 'લોમ અનુલોમ' પ્રાણાયામ પૂર્વેની તૈયારી છે. અથવા તો પ્રાણાયામ પૂર્વેના એક પ્રકારનો સાદો પ્રાણાયામ છે. યોગમાં જે લોમ અનુલોમ પ્રાણાયામ છે તે કુંભક સાથે કરવાનો હોય છે. આમાં કુંભક નથી. ફક્ત પૂરક અને રેચક બે ક્રિયા જ છે. પરંતુ પૂરક અને રેચક પૂર્ણ રીતે થવા જોઈએ; અને એની માત્રા પૂરકમાં બે હોય તો રેચકમાં ચાર હોવી જોઇએ. આ પ્રમાણેની માત્રામાં પૂર્ણ પૂરક કે રેચક થવા જોઇએ. પૂરકમાં જે સમય લાગે તેથી રેચકમાં બમણો રહે અને રેચક ધીરસ્થિર ગતિથી થવો જોઇએ. ઉતાવળે કે જોરથી કરવાનો નથી. પૂરક કે રેચકમાં કયાંય ત્રૂટકતા ન આવવી જોઇએ.

આ પ્રાણાયામ વખતે ધ્યાનનું કોઈ પણ આસન વાળીને બેસવું અને પદ્માસન ન આવડે કે ધ્યાનનું બીજું કોઈ આસન અઘરૂં પડે તો અર્ધ પદ્માસન કે સાદી પલોંઠી વાળીને પણ બેસી શકાય. ફક્ત કરોડ સહજ રીતે સીધી ને ટટ્ટાર રહે.

લોમ અનુલોમ દિવસમાં બે કે ત્રણવાર ત્રણ મહિના સુધી સતત કરવાથી પ્રાણ શુદ્ધિ થઈ જાય છે, એવો યોગીઓનો અનુભવ છે. અને તેથી પોતાને બીજા પ્રાણાયામો કરવાની લાયકાત પણ પ્રાપ્ત થાય છે.

લોમ અનુલોમની રીતઃ

શરૂઆતમાં બંને નસ્કોરાંથી ઊંડા શ્વાસ લેવા અને કાઢવા, પછીથી નીચે પ્રમાણે લેમ અનુલેમની શરૂઆત કરવી.

(૧) બંને નસ્કોરાથી શ્વાસ કાઢી જમણું નસ્કોરૂં જમણા હાથના અંગુઠાથી દબાવી ડાબા નસ્કોરાથી શ્વાસ લો– અર્થાત્ પૂરક કરો.

(૨) પૂરક પૂરો થાય એટલે તરતજ ડાબું નસ્કોરૂં ટચલી અને તેની પડખેની આંગળીથી બંધ કરી જમણે નસ્કોરેથી શ્વાસ બહાર જવા દો. અર્થાત્ શ્વાસ એકધારી ગતિથી ધીમે ધીમે બહાર જવા દો, ટચલી અને તેની પડખેની આંગળીથી ડાબુ નસ્કોરૂં બંધ રાખવાનું છે.

(૩) હવે જમણે નસ્કોરેથી રેચક પૂરો થાય કે તરતજ તેજ નસ્કોરાથી પૂરક કરો.

(૪) અને પૂરક પૂરો થાય એટલે જમણું નસ્કોરૂ જમણે અંગુઠેથી દબાવી ડાબુ નસ્કોરૂં ખોલી નાખી રેચક કરો.

પૂરક રેચકની માત્રાનું ધ્યાન રાખવું. માત્રા ૨ : ૪ ના પ્રમાણની રાખવી.

ડાબે નસ્કોરેથી પૂરક, જમણેથી રેચક, જમણે પૂરક અને ડાબેથી રેચક આટલું થાય ત્યારે એક પ્રાણાયામ થયો ગણાય. આવી રીતે દરરોજ સાત પ્રાણાયામથી શરૂઆત કરવી અને સવાર સાંજ બે વાર કરવા. દિવસમાં ત્રણ કે ચાર વાર પણ થઇ શકે. પણ શરૂઆત બેવારથી અનુકૂળ રહેશે. અઠવાડિયે એક પ્રાણાયામ વધારો. એ ત્રણ માસ કે છ માસ કરવાથી પ્રાણશુધ્ધ થઈ જાય છે.



શ્વાસ લેવામાં કે મૂકવામાં કાંઇ પરાણે કરવાનું નથી. નાક કે મોઢાના સ્નાયુઓ સંકોડવાના નથી કે શરીરના બીજા સ્નાયુઓ ઉપર કોઇ પણ પ્રકારનું તાણ આવવું ન જોઇએ. શ્વાસ જ્યારે લઇએ ત્યારે વક્ષ પિંજરના પાંસળા ઊંચા જવાથી અને પહોળા થવાથી ફેફસાં હવાથી ભરાય છે; અને પાંસળાનીચે જાય અને સંકોચાય ત્યારે હવા સ્વાભાવિક રીતે જ નીકળી જાય છે. શ્વસન ક્રિયા સાવ સાદી છે પણ તેય ઘણાને બરોબર આવડતી નથી. એટલે જાણકાર પાસે એક વાર શિખી લેવી જોઇએ. નહીં તો કેટલીક ખોટી ટેવો અને તાણ ઘર કરી જાય છે.

ફાયદાઃ–પ્રાણશુદ્ધિ થાય છે.

સૂચનાઃ–(૧) નિયમિત સમયે પ્રાણાયામ કરવા.

(૨) આહાર સાત્ત્વિક લેવો.

(૩) ભોજન પછી ૪ થી ૪।। કલાક પછી પ્રાણાયામ કરવા.

(૪) સ્નાન પછી પ્રાણાયામ શ્રેયસ્કર છે.

# રામકથા

શ્રી યોગેશ્વર

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આ લખાયેલ રામકથા)

સુંદરતાના એવા અલૌકિક સ્વરૂપને એણે એના આજ સુધીના જીવનમાં જોયું જ ન હતું. માટે તો સીતા મેળવવાનો એનો મનોરથ વધારે મજબુત બન્યો. એ મનોરથથી પ્રેરાઈને, પોતાના વિજયનું સ્વપ્ન સેવતો એ શંકરના ધનુષ્ય પાસે પહોંચ્યો ત્યારે સમસ્ત સભામાં સન્નાટો છવાઈ ગયો. દર્શકો સ્તબ્ધ બની ગયા. એના પરાક્રમના પ્રયોગોને ભારે કુતૂહલપૂર્વક જોવા લાગ્યા.

સૌન્દર્યમયી સીતા તરફ મીઠી દૃષ્ટિ ફેંકીને એના સ્વરૂપને પોતાના હૃદયમાં સમાવી લઈને એ ધનુષ્યને ઉપાડવા નીચે નમ્યો ત્યારે સીતા એના પરાક્રમ પ્રયોગને અત્યંત આતુરતાપૂર્વક જોવા લાગી. એ હકીકત પણ એનાથી છૂપી ના રહી.

એથી તો એનો ઉત્સાહ તથા જોશ વધી ગયો.

પરંતુ......સૌની આતુરતાનો અલ્પવારમાં જ અંત આવ્યો.

એના મનમાં થયું કે હમણાં જોત જોતામાં ધનુષ્યને ઉંચકી ચઢાવીને તોડી નાખીશ ! એની સાથે મનોરથથી ભરેલા રાજાઓનો મદ પણ તૂટી જશે ને સીતા મારા કંઠમાં વરમાળા આરોપિત કરશે

એણે એકવાર નહિ, બે વાર નહિ, ત્રણ ત્રણ વાર પ્રયાસ કરી જોયો, પણ આખરે એનો પ્રયાસ નિષ્ફળ નિવડ્યો ને. બધે અટ્ટહાસ્યનું મોજું ફરી વળ્યું. એ અટ્ટહાસ્યથી એ જરા પણ ના ગભરાયો. એને એ સહેલાઈથી અને સસ્મિત પચાવી શક્યો. એનાથી પણ વધારે મોટા પરાજયને અને અધિક અવહેલનાને એ જીરવી શકત. પરંતુ સીતાનું હાસ્ય એનાથી ના જીરવી શકાયું.



સાચું પણ છે. માણસ બીજું બધું જ સહી શકે છે. સંકટ, પીડા, સજા, પરિતાપ, દુઃખ, દર્દ, અછત બધું જ, પરંતુ પોતે જે પ્રાપ્ત કરવા માગતો હોય ને જેને વરવા માટે પોતાની યોગ્યતાનું પ્રદર્શન કરતો હોય એના ઉપહાસને નથી સહી શકતો. એ ઉપહાસ પુરુષનો હોય કે સ્ત્રીનો પરંતુ ભારે વેદનામય નિવડે છે અને આઘાતજનક થઇ પડે છે. કોઇક વીતરાગ મહાપુરુષ જ એવા આઘાતથી પર હોઈ શકે. બાકી સામાન્ય માનવ તો એની અસર નીચે આવ્યા વિના ન જ રહે.

સીતાનું હાસ્ય રાવણના હૃદયને અને રોમ રોમને અગ્નિની જ્વાળા જેમ જલાવવા લાગ્યું. એને થયું કે સીતાને એના વર્તન માટે થોડોક ઠપકો આપું. જેથી એને પણ ખબર પડે ને પદાર્થ પાઠ મળે, પરંતુ એ વિચારને મનમાં રોકી રાખીને આગળ વધ્યો.

'સીતાને એના રૂપનું ભારે અભિમાન લાગે છે. મારા પરાભવથી એ પ્રસન્ન થઈ હોય એમ એના મુખ પર હાસ્યનું મોજું ફરી વળ્યું. પરંતુ એના જેવી એક રાજપુત્રી માટે એવું વર્તન યોગ્ય ના કહેવાય, રૂપના એવા અભિમાનને અને અન્યના ઉપહાસને ક્ષમ્ય ના માની શકાય ?'

સીતાને બદલે રાજા જનકને ઉદ્દેશીને એણે કહ્યું :

એ સાંભળીને જનક બોલ્યા : 'સીતાને એના રૂપનું કે બીજી કોઈયે વસ્તુનું અભિમાન જરા પણ નથી. એની હું તમને ખાતરી આપું છું. એ તો અતિશય નમ્રને સરળ છે. હા, આવા અવસર પર એવું હાસ્ય બરાબર ના કહેવાય. પરંતુ એ હાસ્ય સહજ રીતે જ પેદા થયેલું નિર્દોષ હાસ્ય હતું. એની પાછળ તમારા ઉપહાસ કે અનાદરનો ભાવ જરાપણ ન હતો. તે છતાં તમને ખોટું લાગ્યું કે દુઃખ થયું હોય તો સીતાની વતી તમારી ક્ષમા માગી લઉં છું.'

જનકના સંક્ષિપ્ત સુંદર સ્પષ્ટીકરણ પછી પણ રાવણને સંતોષ ના થયો. એનો ઘા એવો જ વણરુઝાયેલો રહ્યો.

સીતા તરફ એ વારંવાર કટુ અથવા કઠોર નજરે જોવા માંડ્યો. સમાજની વચ્ચે લાંબા વખત લગી બેસી રહેવું બરાબર નથી. છતાં પણ સ્વયંવરનું પરિણામ જાણવાને બની શકે તો પોતાના સાથીઓની સાથે મળીને સીતાના હરણની યોજના બનાવવા એ મન-ને મક્કમ બનાવીને બેસી રહ્યો.

રાવણના પરાજયથી પ્રસન્ન બનેલી સીતાએ ઉર્મિલાના કાનમાં ધીમેથી કોઇ સાંભળે નહિ તેમ ગણગણાટ કરતાં કહ્યું : 'જગદંબા-એ મારી પ્રાર્થના સાંભળી ખરી. રાવણ સફળ ના થાય. એ માટે હું ઉત્કટતાપૂર્વક પ્રાર્થના કરતી'તી.'

'તારી પ્રાર્થના ના સંભળાય એવું બની શકે જ કેવી રીતે ! ઉર્મિલા બોલી ઉઠી : જગદંબાની તારાપર પૂરેપૂરી કૃપા છે. એટલે એ સાંભળે અને એ પ્રમાણે કરેજ.'

'હા. મને લાગ્યું કે એની કૃપા મારા પર છે. છતાં પણ પ્રાર્થના સંપૂર્ણપણે સાંભળશે ને તે પ્રમાણે કરશે, ત્યારે તેની કૃપા સાચી માનીશ. મારા હૃદયમાં શું છે તેની તને ખબર છે.'

'એ હૃદયાભિરામ રામને માટે પ્રાર્થના કરતી રહેજે, તારી પ્રાર્થના અવશ્ય સંભળાશે.' 'તને વિશ્વાસ છે ?'

'જરૂર. મને તો પૂરો પાકો વિશ્વાસ છે.'

'રામ હિમખંડની પેઠે અચળ અને ઠંડા થઇને બેસી રહ્યા છે તો પણ 'એ હિમખંડ જેવા દેખાય છે. પરંતુ એમને લાવારસ જેવા ગરમ કેમ કરવા ને ક્યારે કરવા તે જગદંબાના હાથમાં છે. હું તેને માટે પ્રાર્થના કરતી રહું. રાવણ નિષ્ફળ જાય એ માટે તો મેં પણ ઉંડા અંતરની પ્રાર્થના કરેલી.'



'ત્યારે તો રામ ધનુષ્ય ઉચકવા ઉભા થાય ને સફળ થાય તેને માટે પણ પ્રાર્થના કરતી રહેજે. રામ હજુ તો પ્રેક્ષક બનીને બેસી રહ્યા છે. એ ઉભા થશે ત્યારે જ મારા અંતરને ટાઢક વળશે અને મને કાંઈક આશા બંધાશે.'

'જગદંબાએ એમનું પાણિગ્રહણ કરવાનું તારી સાથે જ ધાર્યું હશે તો એમને ઉભા પણ કરી દેશે. તું નિરાશ ના થા.'

'પરંતુ એ એમને ક્યારે ઉભા કરશે ? મારું હૈયું હારી જશે ત્યારે ?' ત્યારે નહિ પણ તે પહેલાં. આ તો ઇશ્વરે આપણને બતાવી આપ્યું કે શંકરનું ધનુષ્ય કેટલું ભારે છે. એ ધનુષ્ય ઉપાડ-વામાં મોટા મોટા શક્તિશાળી પુરુષો અથવા મહારથીઓ પણ પાછા પડે છે. રાવણ દેવોથી પણ વધારે પરાક્રમી કહેવાય છે. તો પણ એનાથી ધનુષ્ય ના ઉપાડી શકાયું. રામ એને ઉપાડશે તો એમના અસાધારણ સામર્થ્યનો પરિચય સૌ કોઇને મળી રહેશે.'

સીતાએ નિઃશ્વાસ નાખીને કહ્યું : પરંતુ એ ધનુષ્ય ઉપાડશે ત્યારે ને ? એ ધનુષ્યને ઉપાડવા ઉભા થશે કે એ વિશે જ મને તો શંકા છે, ધીરજ અથવા શાંતિ કેટલીક વાર ભૂષણને બદલે દૂષણ બની જાય છે. અને આવા અગત્યના પ્રસંગે ધીરજ રાખવાનું કારણ પણ શું છે ? રાવણ જો ધનુષ્ય ઉપાડવામાં સફળ થાત તો મારે માટે જીવવું મુશ્કેલ બની જાત. એવા પુરુષને વરવાનું પસંદ કરવા કરતાં તો હું કુંવારી રહેવાનું વધારે પસંદ કરું,' 'પરંતુ એ ધનુષ્ય ઉપાડવામાં સફળ થાત તો ને ?'

'એ તો સારું ભાગ્ય કે એને સફળતા ના મળી. બાકી રામ તો ધીરજ રાખીને બેસી જ રહેલા અને હજુ પણ બેસી રહ્યા છે. ધીરજનાં ફળ મીઠાં કહેવાય છે. પરંતુ કોઇ વાર તે મીઠાં નહિ પણ માઠાં યે હોય છે.'

'તારી આશંકા કે ચિંતાને સારી પેઠે સમજી શકું છું. એની પાછળ રામને માટેનો પાર વિનાનો પ્રેમ છે. તે પણ જાણું છું. તારી જગ્યાએ હું હોત તો મારી દશા પણ એવી જ હોત ને મારા મુખમાંથી પણ એવા જ ઉદગારો નીકળ્યા હોત એ પણ કલ્પી શકું છું. રામ પ્રત્યેના પ્રેમને લીધે તું પીડિત ને વિહ્વળ બની ગઇ છે, પરંતુ યાદ રાખજે કે રામની ધીરજ એમને માટે માઠી નહિ પણ મીઠી નિવડશે. એ સ્વયંવરમાં વિજયી થશે એવી મને તો આશા છે.'

સીતા શાંત રહી, પણ એનું અંતર શાંત ના થયું.

રાજા જનકની અવસ્થા પણ એવી જ હતી. એમ કહો કે એથીયે વધારે કરુણ. એમના અંતરમાં તીવ્ર મંથન થઈ રહ્યું હતું.

અવાર નવાર રાજ સમાજ તથા સીતા ને રામ તરફ દૃષ્ટિપાત કરતાં એ જાત જાતના વેદનાયુક્ત વિચારો કર્યા કરતા. એમની ધીરજ હવે તૂટવા માંડી. એમનું અંતર અસ્વસ્થ થયું એટલે સ્વયંવરની વચ્ચે મંડપમાં આવીને એ બોલી ઊઠ્યા: 'આજે મને ખાતરી થઈ કે પરાક્રમી પુરુષોની મેં સાંભળેલી પ્રશંસા વધારે પડતી અને વ્યર્થ હતી. પૃથ્વીમાં કોઇ પરાક્રમી પુરુષ જો સાચે સાચ હોત તો આવે સમયે નિષ્ક્રિય બનીને બેસી ન રહેત ? પરંતુ હવે વખત બદલાયો ને વિપરીત થયો લાગે છે. પોતાને પરાક્રમી માનનારા મહાપુરુષો પણ હવે પરાક્રમ કરવામાં પાછા પડે છે. હવે હું વધારે વખત રાહ નહિ જોઉં. આ છેલ્લી વારની વિજ્ઞપ્તિ કરી જોઉં છું.'

જનકના શબ્દો સાંભળીને કેટલાક એકમેકની તરફ તાકવા લાગ્યા. તો કેટલાક દૃષ્ટિને ઢાળીને સંકોચવશ જમીન તરફ જોવા માંડ્યા.

( ક્રમશઃ )

## શ્રી સદ્‌ભાવની ભેટ

'અધ્યાત્મ' પ્રત્યે પ્રેમભાવ ને સદ્‌ભાવ રાખતા વાંચકો પોતાના મંગલ પ્રસંગોએ યાદ કરી ભેટ મોકલતા રહે છે. તે સહુને અમે અભિનંદીએ છીએઃ–

પાઉન્ડ–૧૦ (અંદાજે રૂા. ૧૬૦) શ્રી નરેન્દ્ર ડી. મિસ્ત્રી રગ્બી તરફથી

પાઉન્ડ–૫ (અંદાજે રૂા. ૮૦) શ્રી અંબાલાલભાઈ એમ. મિસ્ત્રી તરફથી

રૂા–૧૦૦ એક યુવક સાધકની ભેટ

રૂા–૬૬ શ્રી એમ. વી. મિસ્ત્રી, ઓન્ટારીઓ, કેનેડા.

રૂા–૨૫ પ્રવીણાબેન કે. વૈષ્ણવ, સુરત તરફથી.

રૂા–૨૫ અનામી સદ્‌ગૃહસ્થની ભેટ

રૂા–૧૧ શ્રી બાબુભાઇ ધનજીભાઇ મિસ્ત્રી તરફથી પુત્ર જન્મ-દિન નિમિત્તે.

રૂા–૫ અનામી બહેનની ભેટ.

## છેલ્લી તક

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની વિરલ કવિ પ્રતિભાનું દર્શન કરાવતી, અદ્‌ભુત ગુજરાતી ભાષાની કાવ્ય રચનાનો સંત કવિ શિરોમણિ તુલસીદાસજીના **રામચરિત માનસ**નો આઠસો પાનાનો દળદાર ગ્રંથ તા.૩૦–૧૧–૮૨ સુધીમાં ગ્રાહક થનારને માત્ર રૂા. ૪૦/–માં. તે પછી રૂા. ૬૫/–આ પુસ્તકનું પ્રકાશન તા. ૧–૧–૮૩ના રોજ થનાર છે.

અધ્યાત્મના ગ્રાહકો આ સુંદર તકનો લાભ લઇ, ધ્યાન કેન્દ્રો મારફત ગ્રાહક બની શકે છે.

પ્રકાશકને M. O.થી સીધી રકમ પણ મોકલી શકાય છે; પરંતુ તેમાં રૂા. ૭/–નું પોસ્ટેજ અલગ મોકલવું જરૂરી છે. કુમકુમ પ્રકાશન મંદિર, મામુનાયકની પોળ સામે, ગાંધીરોડ, અમદાવાદ–૧

## પરમાત્મા સાથે વાતો કરતાં શીખો.

આપણે વાતો તો કરીએ જ છીએ, અને કેટલીક વાર મર્યાદાની બહાર જઈને વધારે પડતી વાતો પણ કરીએ છીએ. પરંતુ એ વાતો માનવો સાથેની હોય છે; પરમાત્મા સાથેની નથી હોતી. આપણે પરમાત્મા સાથે વાતો કરતાં શીખવું જોઇએ.

આપણે જપ કરીએ છીએ, ધ્યાન કરીએ છીએ, પ્રાર્થના, પાઠપૂજા કે સ્વાધ્યાય કરીએ છીએ, દેવમંદિરમાં જઈએ છીએ, ધર્મ-ભક્તિ–યોગ અથવા સાધનાને નામે કેટલીય નાનીમોટી પ્રવૃત્તિઓનો આધાર લઈએ છીએ. એ સઘળી સાધનાવિષયક પ્રવૃત્તિઓની સાથે સાથે, સંયુક્ત રીતે અથવા સ્વતંત્ર રીતે પરમાત્મા સાથે વાર્તાલાપ કરતાં પણ શીખવું જોઈએ. પરમાત્મા આપણી અંદર અને બહાર બધે વિરાજે છે. આપણી તદ્દન પાસે છે, પ્રાણની પણ પાસે છે. એવું સમજીને, એવો વિશ્વાસ રાખીને, એમની આગળ આપણા અંતરને ઠાલવતાં, મનોભાવોની, વિચારોની, લાગણીઓનાં તરંગોની અભિવ્યક્તિ કરતાં અથવા આત્મનિવેદન કરતાં શીખવું જોઈએ. એ અભ્યાસની અભિવૃદ્ધિ થતાં સમજાશે ને અનુભવાશે કે એ પરમ પ્રેમમય પરમ પરમાત્મા આપણી સઘળી પ્રકટ –અપ્રકટ વાતોને અથવા સમસ્યાઓને સાંભળે છે, ને તેના સંતોષકારક સમ્યક્ પ્રત્યુત્તર પણ પૂરા પાડે છે.

પરમાત્માની સાથે વાતો કરવાની કળાને લીધે જપ તથા ધ્યાનની સાધના વધારે સજીવ સ–રસ ને સફળ થશે. દેવદર્શન પાઠપૂજા અને પ્રાર્થના યાંત્રિક બનવાને બદલે ચિન્મય બનશે.

પરમાત્મા સાથે વાતો કરતાં શીખવું એ પણ એક સ્વતંત્ર સુંદર શ્રેયસ્કર સાધનાજ છે. —યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨